અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ પાંચમ | અંક : ૨૦૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**પાકિસ્તાની શખસો ઇરાની બોટમાં સવાર હતા |** અંદાજીત ૨ હજાર કરોડની કિંમતનું ૩,૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું સામે આવ્યું છે

## અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો

| અમદાવાદ, તા.૨૮ |

પોરબંદર અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. જેમાં અંદાજીત ૨ હજાર કરોડની કિંમતનું ૩,૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું સામે આવ્યું છે. એનસીબી, ગુજરાત એટીએસ તથા નેવી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી આ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. જેમાં અલગ અલગ ત્રણ પ્રકારનાં ડ્રગ્સ મળી આવ્યાં છે. ડ્રગ્સના જથ્થા સાથે બોટમાં સવાર પાંચ જેટલા પાકિસ્તાની ક્રૂ મેમ્બરની ધરપકડ કરવામાં આવી છે. બોટમાંથી પકડાયેલા આરોપીઓનું પહેલા મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. બાદમાં તેમને પોરબંદર કોર્ટમાં રજુ કરી ૧૫ દિવસના રિમાન્ડની માંગણી કરાઇ છે. પાકિસ્તાની શખસો ઈરાની બોટમાં સવાર હતા. જેમના વિરૂદ્ધ પોરબંદરના નવીબંદર મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયો છે. આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે આ ડ્રગ્સનો જથ્થો ક્યા જતો હતો અને કોને આપવાનો હતા અન્ય કોણ કોણ શખશો તેમાં સામેલ છે તે અંગે તપાસ હાથ ધરાઇ છે. ગુજરાતનો દરિયા કિનારો જાણે ડ્રગ્સ માફિયા માટે સોફ્ટ ટાર્ગેટ બની ગયો હોત તેમ વારંવાર ડ્રગ્સ ઘુસાડવા અને અન્ય દેશ અને રાજ્યોમાં મોકલવા માટે આ જ રસ્તાનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું અલગ અલગ એજન્સીઓના ધ્યાને આવ્યું છે. તેવામાં પોરબંદર અરબી સમુદ્રથી અત્યાર સુધીમાં સૌથી મોટો આવતો ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યું છે. ત્રણ એજન્સીઓના સયૂક્ત ઓપરેશનથી આ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. તેવામાં પકડાયેલા લોકોની પુછપરછ હાથ ધરવામાં આવી છે આ જથ્થો ક્યાથી ક્યા જતો હતો તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. તેવમાં ગુજરાતમાં અગાઉ પણ આવા મોટા ડ્રગ્સના જથ્થા પકડાઈ ચુક્યા છે તેવામાં ડ્રગ્સ ગુજરાતમાં રો મટીરીયલ તૈયાર કરી બહાર મોકલવાના કિસ્સા પણ અનેક સામે આવ્યા છે. જોકે મોટા ભાગના કેસોમાં ડ્ર્ગ્સ સાથે પકડાયેલા માણસો પકડાતા હોય છે અને મોકલનાર અને ડ્રગ્સની ડિલિવરી લેનાર પકડાતા નથી આમ આ કિસ્સામાં પણ શું થાય છે તે આગામી સમયમાં જોવા મળશે.



**જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે |** પશ્ચિમ આફ્રિકામાં તાજેતરના સમયમાં માર્ગ અકસ્માતમાં વધારો થયો છે

## માલીમાં ભયાનક અકસ્માત, બસ પુલ પરથી નીચે ખાબકતા ૩૧નાં મોત

### વધતા માર્ગ અકસ્માતોનું કારણ માલીના ખરાબ રસ્તાઓ ગણાવવામાં આવી રહ્યા છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

આફ્રિકન દેશ માલીમાં એક બસ પુલ પરથી નીચે ખાબકતા ભયાનક અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૩૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઘટના કેનીબા વિસ્તારમાં બની હતી જ્યારે એક બસ નદી પરના પુલ પરથી નીચે ખાબકી હતી.

આ ઘટના અંગે પરિવહન મંત્રાલયે જણાવ્યું હતું કે માલીમાં ૩૧ લોકોના મોત થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા. બુર્કિના ફાસો તરફ જઈ રહેલી બસ દેશના દક્ષિણ-પૂર્વમાં સ્થિત પુલ પરથી નીચે પડી ગઈ ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે બાગો નદી પર બનેલા



આ પુલ પર અકસ્માત થયો હતો. આ અકસ્માતનું કારણ ડ્રાઈવરે વાહન પરથી કાબૂ ગુમાવવો હોવાનું માનવામાં આવે છે. પશ્ચિમ આફ્રિકામાં તાજેતરના સમયમાં માર્ગ અકસ્માતમાં વધારો થયો છે. વધતા માર્ગ અકસ્માતોનું કારણ માલીના ખરાબ રસ્તાઓ ગણાવવામાં આવી રહ્યા છે.

સમગ્ર વિશ્વમાં રોડ અકસ્માતથી થતા મૃત્યુમાંથી લગભગ ચોથા ભાગ આફ્રિકામાં થાય છે. નોંધનીય છે કે ૪૬ દિવસ પહેલા પણ માલીમાં એક રોડ અકસ્માત થયો હતો. આ દરમિયાન બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી જેમાં ૧૫ લોકોના મોત થયા હતા જ્યારે ઘણા ઘાયલ થયા હતા. સંયુક્ત રાષ્ટ્રના ૨૦૨૩ના આંકડા પરથી જાણવા મળ્યું હતું કે દુનિયામાં અકસ્માતમાં થનારા મૃત્યુના લગભગ ચોથા ભાગના મોત આફ્રિકામાં થાય છે. જોકે આ મહાદ્વીપ દુનિયાના વ્હિકલ્સનો કુલ હિસ્સામાંથી બે ટકા ધરાવે છે.

**લોકસભાની ચૂંઠણી સંદર્ભે કોંગ્રેસની ક્વાયત**

## કેરળમાં કોંગ્રેસ અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ વચ્ચે બેઠકોની વહેંચણી કરવામાં આવી

| (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૨૮ |

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કેરળમાં કોંગ્રેસ અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) વચ્ચે બેઠકોની વહેંચણી કરવામાં આવી છે. કોંગ્રેસ આ વખતે દેશના લગભગ તમામ રાજ્યોમાં ગઠબંધન હેઠળ ચૂંટણી લડી રહી છે ત્યારે હવે કેરળમાં પણ બેઠકોની વહેંચણી પર સર્વસંમતિ સધાઈ છે. ટૂંક સમયમાં પાર્ટી તેના લોકસભા ચૂંટણીના ઉમેદવારો જાહેર કરશે. કોંગ્રેસ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) સાથે ગઠબંધન કરીને કેરળમાં ચૂંટણી લડશે. બંને વચ્ચે સીટ વહેંચણીને લઈને સમજૂતી થઈ છે. કોંગ્રેસ કેરળમાં ૨૦માંથી ૧૬ બેઠકો પરથી લોકસભાની ચૂંટણી લડશે, જ્યારે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) બે (મલપ્પુરમ અને પોન્નાની) બેઠકો પરથી, રિવોલ્યુશનરી સોશ્યલિસ્ટ પાર્ટી (આરએસપી) એક (કોલ્લમ) બેઠક પરથી અને કેરળ કોંગ્રેસ એક (કોટ્ટાયમ) બેઠક પરથી ચૂંટણી લડશે.

## વિશાખાપટ્ટનમમાં ફ્લોટિંગ બ્રિજ ઉદ્‌ઘાટનના ૨૪ કલાકમાં પાણીમાં તણાઈ ગયો

| (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૨૮ |

આંધ્ર પ્રદેશની એક આશ્ચર્યજનક ખબર આવી છે. વિશાખાપટ્ટનમ્માં એક ફલોટિંગ બ્રિજનું ઉદ્ઘાટન શાસક પક્ષ વાય.એસ.આર.સી.પી.ના સાંસદ વાય-વી.સુબ્બા રેડ્ડીએ કર્યું હતું, તે બ્રિજ ૨૪ કલાકમાં જ પાણીમાં તણાઈ ગયો. આ બ્રીજ બનાવવામાં ૧.૬ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. જો કે આ સારીવાત તે છે કે આ ઘટનામાં કોઈનું નિધન થયું ન હતું.વાસ્તવમાં આ પૂલ સમુદ્રમાં ઉતરવા માટે અથવા પુલ ઉપર ઉભા રહી સમુદ્રનું અદ્ભુત દર્શન કરવા માટે રચવામાં આવ્યો હતો. પરંતુ માત્ર ૨૪ કલાકમાં જ તે ખતમ થઈ જતાં વિપક્ષોએ વિધાનસભામાં અને બહાર પણ ભારે હંગામા મચાવી દીધા હતા. ગૃહના વિપક્ષી નેતા, એન.ચંદ્રાબાબુ નાયડુએ લોકોના જાન જોખમમાં નાખવાનો સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો. તેઓએ પોતાનાં ઠ હેન્ડલ ઉપર લખ્યું કે જગન રેડ્ડીનાં દરેક કાર્યો ભ્રષ્ટાચારથી જ ભરેલાં છે. પરંતુ હવે ભ્રષ્ટાચારનો ભાર એટલો વધી ગયો છે કે તે સહન થઈ શકે તેમ નથી. તેનું આ તરતો પૂલ દેખીતું ઉદાહરણ છે. ૨૪ કલાકમાં જ આ તરતો પૂલ જે બધા માટે અનુકુળ કહેવાતો હતો.

**મિડકેપ, સ્મોલ કેપ અને માઇક્રો કેપ સૂચકાંકોમાં બે ટકાથી વધુનો ઘટાડો**

## શેરબજારમાં ભારે વેચવાલીથી રોકાણકારોની સંપત્તિમાં ૬ લાખ કરોડનો ઘટાડો થયો

### સેન્સેક્સ ૭૯૦ પોઈન્ટ અને નિફ્ટી ૨૪૭ પોઈન્ટ ઘટ્યો

| (એજન્સી) મુંબઈ, તા.૨૮ |

બુધવારે મિડકેપ, સ્મોલ કેપ અને માઈક્રો કેપ સૂચકાંકોમાં બે ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. શેરબજારમાં ભારે વેચવાલીના કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬ લાખ કરોડનો ઘટાડો થયો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ તમામ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૩૮૬ લાખ કરોડ થઈ ગયું છે. બુધવારે બીએસઈસેન્સેક્સ ૭૯૦ પોઈન્ટ ઘટીને ૭૨,૩૦૪ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૪૭ પોઈન્ટ ઘટીને ૨૧૯૫૧ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. બુધવારે શેરબજારના અસ્થિર ટ્રેડિંગ સમયગાળા દરમિયાન, કામધેનુ લિમિટેડ, આઈસીઆઈસીઆઈપ્રુડેન્શિયલ લાઈફ, ઓમ ઈન્ફ્રા, સ્ટોવ ક્રાફ્ટ અને બ્રાન્ડ કન્સેપ્ટના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે હિન્દુસ્તાન ઝિંક, એચડીએફસી લાઈફ, એક્સિસ બેંક, ટાટા મોટર્સ, એનએમડીસી લિમિટેડ, ટાટા મોટર્સ, એનએમડીસી લિમિટેડના શેરમાં નબળાઈ જોવા મળી હતી. લાર્સન એન્ડ ટુબ્રો, એચડીએફસી બેંક, નેસ્લે ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંક, ગ્લોબસ સ્પિરિટ, કોટક મહિન્દ્રા બેંક, ઓએનજીસી, પંજાબ એન્ડ સિંધ બેંક, યુપીએલ લિમિટેડ, દેવયાની ઈન્ટરનેશનલ, એશિયન પેઈન્ટ્સ અને મહિન્દ્રાના શેરમાં નોંધાયેલ છે.બુધવારે પેટીએમના શેર પણ ૫ ટકાના નુકસાન સાથે બંધ થયા હતા. બુધવારે ગૌતમ અદાણી ગ્રુપની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેરમાં ભારે ઘટાડો નોંધાયો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સનો શેર ૪.૫૨ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો જ્યારે અદાણી વિલ્મર ૧.૫૫ ટકાની નબળાઈ સાથે બંધ થયો હતો.

## દિલ્હીના એલજીએ દિલ્હી સરકારની સોલર પોલિસી પર રોક લગાવી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર બીકે સક્સેના વચ્ચેનો સંઘર્ષ અટકતો જણાતો નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ એલજીએ દિલ્હી સરકારની સોલર પોલિસી પર રોક લગાવી દીધી છે. સીએમ કેજરીવાલે થોડા દિવસો પહેલા પ્રેસ કોન્ફરન્સમાં સોલર પોલિસીની જાહેરાત કરી હતી. કેજરીવાલ સરકારનો દાવો છે કે આ સોલાર પોલિસીના અમલથી દિલ્હીમાં વીજળીનું બિલ લગભગ શૂન્ય થઈ જશે. પરંતુ એલજીએ આ પોલિસી પર પ્રતિબંધ મૂકી દીધો છે. કેજરીવાલ સરકારે જાન્યુઆરીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં નવી સોલર પોલિસી લાગુ કરવાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત બધા લોકોને તેમના ઘરની છત પર સોલાર પેનલ લગાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને જે લોકો પોતાના ઘરની છત પર સોલાર પેનલ લગાવે તેમને મફત વીજળી આપવાની તૈયારી હતી. સોલાર પેનલ લગાવવા માટે કેજરીવાલ સરકાર સબસિડી પણ આપવાની હતી. હાલમાં દિલ્હીમાં ૨૦૦ યુનિટ સુધીની વીજળી મફત છે. ૪૦૦ યુનિટ સુધી વીજળીનો વપરાશ કરનારાઓ પાસેથી અડધો વીજ બિલ વસૂલવામાં આવે છે અને જેઓ ૪૦૦ યુનિટથી વધુ વીજળીનો વપરાશ કરે છે.

**અમેરિકાએ રશિયાના ૧૪ ટેન્કરને બ્લેક લિસ્ટમાં નાખ્યા છે**

## ભારત આવતા ત્રણ રશિયન ટેન્કર પર અમેરિકાનો પ્રતિબંધ

### અમેરિકાએ બ્લેકલિસ્ટેડ ટેન્કરોને ૪૫ દિવસ માટે તેલની નિકાસ કરવાની છૂટ આપી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધ બાદથી ભારત રશિયા પાસેથી ડિસ્કાઉન્ટેડ ભાવે મોટી માત્રામાં તેલ ખરીદી રહ્યું છે. તેલથી ભરેલા રશિયન ટેક્રરો પણ આગામી થોડા અઠવાડિયામાં ભારત પહોંચશે. પરંતુ તે ત્રણ ટેક્રરની ચર્ચા થઈ રહી છે જેના પર અમેરિકા દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આમ છતાં આ ત્રણેય ટેક્રરો ભારત આવી રહ્યા છે.

એક અખબાર રિપોર્ટ અનુસાર આગામી કેટલાક અઠવાડિયામાં ભારતીય રિફાઈનિંગ કંપનીઓને ક્રૂડ ઓઈલ પહોંચાડનારા ટેક્રરોમાં ઓછામાં ઓછા ત્રણ ટેક્રર એવા છે કે જેના પર અમેરિકા દ્વારા તાજેતરમાં પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. શુક્રવારે અમેરિકાએ ૧૪ રશિયન ઓઈલ ટેક્રરને બ્લેકલિસ્ટ કર્યા કારણ કે તેઓ પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલી પ્રાઈસ સીમા કરતાં વધુ કિંમતે તેલની નિકાસ કરી રહ્યા હતા. પશ્ચિમી દેશોમાંથી રશિયન તેલની કિંમત બેરલ દીઠ ૬૦ ડોલર છે.અન્ય ટેક્રર એનાટોલી કોલોડકિન પણ એપ્રિલમાં સિક્કા બંદર પહોંચશે. આ મહિનાની શરૂઆતમાં એનાટોલી કોલોડકિન ટેક્રરે વાડીનાર પોર્ટ પર ક્રૂડ ઓઈલ પહોંચાડ્યું હતું. બ્લેક લિસ્ટમાં સામેલ અન્ય એક ટેક્રર એનએસ કેપ્ટન પણ માર્ચ અને એપ્રિલમાં તેલ સાથે વાડીનાર બંદરે પહોંચશે. જો કે, બ્લેકલિસ્ટેડ ટેક્રરોમાંથી ડિલિવરી થવાને કારણે કોઈ મોટી સમસ્યા થવાની કોઈ શક્યતા નથી. કારણ કે અમેરિકાએ બ્લેકલિસ્ટેડ ટેક્રરોને ૪૫ દિવસ માટે તેલની નિકાસ કરવાની છૂટ આપી છે.



### માર્કેટ યાર્ડમાં અપાઇ ખાસ સૂચના

# કમોસમી વરસાદની આગાહીના પગલે ખેડૂતોના શ્વાસ અદ્ધર

## એકથી ત્રણ માર્ચના રોજ હળવા વરસાદની આગાહી કરી છે, વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે કમોસમી વરસાદની શક્યતા દર્શાવી છે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૮ ।

હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહીને પગલે ખેતીવાડી માર્કેટ યાર્ડમાં સૂચના આપી દેવાઈ છે. અનાજની બોરીઓને સુરક્ષિત રાખવા સૂચના અપાઈ છે. બટાટા તેમજ રવિ પાકોની લણણીની સિઝન ચાલી રહી હોવાથી ખેડૂતોમાં ચિંતા વધી ગઈ છે. કમોસમી માવઠું થાય તો ખેડુતોને મોટું નુકસાન થવાની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં બે દિવસ દરમિયાન વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે ખેતીવાડી માર્કેટ યાર્ડમાં રાખવામાં આવેલી અનાજની બોરીઓ અંગે સાવચેતી રાખવાની સૂચના અપાઈ છે. બટાટા તેમજ રવિ પાકોની લણણીની સિઝન ચાલી રહી હોવાથી ખેડૂતો ચિંતિત છે. નોંધનીય છે કે, હવામાન વિભાગે મંગળવારે આપેલી આગાહીમાં પાંચ દિવસ ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની આગાહી કરી છે. તેમણે જણાવ્યુ છે કે, પહેલા ત્રણ દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે. જે બાદ ચોથા અને પાંચમા



દિવસે સામાન્ય વરસાદની આગાહી કરી છે. એકથી ત્રણ માર્ચના રોજ હળવા વરસાદની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે કમોસમી વરસાદની શક્યતા દર્શાવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, પહેલી માર્ચના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, દાહોદમાં હળવા વરસાદની શક્યતા દર્શાવાઈ રહી છે. આ સાથે જ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર અને બોટાદના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ થઈ શકે છે તેમ પણ જણાવ્યુ છે. જ્યારે બીજી માર્ચના રોજ નવસારી, વલસાડ અને ગીર સોમનાથમાં સામાન્ય વરસાદ થવાની આગાહી છે. બીજી બાજુ, હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા પ્રમાણે, આગામી સમયમાં ગુજરાતમાં માવઠું થવાની શક્યતાઓ છે. જેમાં રાજ્યના ઘણાં જિલ્લા પ્રભાવિત થઈ શકે છે. હાલ શિયાળો વિદાય લઈ રહ્યો છે, જેની સાથે ઉનાળાની શરુઆત થવાની છે પરંતુ બેક ટુ બેક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થવાના કારણે ફેબ્રુઆરીના અંત અને માર્ચની શરુઆતમાં માવઠું થવાની શક્યતાઓ છે. આગામી બે દિવસમાં રાજ્યના ઘણાં વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. હાલ રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ચાલું છે અને આવનારા દિવસોમાં એટલે કે ૧ અને ૨ માર્ચ દરમિયાન રાજ્યમાં માવઠું થવાની શક્યતાઓ છે. હાલ મોટું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર ભારત ઉપરથી પસાર થાય તેવી શક્યતાઓ છે.



AMC દ્વારા અમદાવાદના વિવિધ વિસ્તાર માંથી ગેરકાયદેસર દબાણ હટાવી રહ્યા છે ત્યારે રિલીફ રોડ હાજાપટેલની પોળ પાસે વહેલી સવારે મજૂરી કામ કરતા વ્યક્તિ માટે ભોજનનુ કેબીન રોડ પર મુકેલ છે તે દબાણમાં નથી આવતુ.

### કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે

# નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ દ્વારા આયોજિત ૧૫માં આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમનો સમાપન સમારોહ અમદાવાદ ખાતે યોજાયો

## યુવાનોએ પણ દેશમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પોતે જ વિકાસના પથ પર આગળ વધવું જોઈએ : DCP શ્રી સફિન હસન

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ દ્વારા આયોજિત ૧૫માં આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમનો સમાપન સમારોહ અમદાવાદ ખાતે યોજાયો હતો.

જેમાં ઝારખંડ અને ઓરિસ્સાના નવ જિલ્લાના કુલ ૨૦૦ યુવાનો તારીખ ૨૧/ ૧/૨૦૨૪ થી ગુજરાતના ૧૫માં આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ માટે આવેલ છે. જેના સમાપન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલજી અને અમદાવાદ પૂર્વ ટ્રાફિક ઝોન હ્રઁ શ્રી સફીન હસન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાત યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલજીએ જણાવ્યું હતું કે, ઝારખંડ અને ઓડીસાથી ૧૫માં આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમમાં ૭ દિવસ માટે આપ સૌ ભાગીદાર બન્યા તેનો ખૂબ જ આનંદ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ જીવન એ ખૂબ જ અમૂલ્ય છે તો તમામ યુવાનોએ જીવનભર કંઈક ને કંઈક અવનવી બાબત શીખતા રહેવી જોઈએ અને દેશના વિકાસમાં ભાગીદાર બનવા માટે તત્પર રહેવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વ્યક્તિ સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરે તે માટે જીવનમાં યોગનું ખૂબ જ મહત્વ રહેલું છે માટે નિત્યક્રમ યોગ કરતા રહેવું જોઈએ. સાથેજ યોગ થકી સ્વાસ્થ્યને માનસિક તેમજ શારીરિક રીતે સમૃદ્ધ બનાવી શકાય છે, જેથી સ્વાસ્થ્ય સારું હશે તો કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકીશું તેમ તેમણે ઉમેર્યું હતું. અંતે તેમણે નેહરુ કેન્દ્ર યુવા તેમજ ઉપસ્થિત તમામ યુવાનોને શુભકામનાઓ પાઠવી હતી.

### વડોદરાના નવાપુરામાં પથ્થરમારા કેસમાં

# પોલીસની કાર્યવાહી, વધુ ૧૨ લોકોની ધરપકડ કરી

## વેપારી નવાપુરા પોલીસ સ્ટેશન ગયા ત્યારે દોઢસોના ટોળાએ પથ્થરમારો કરતા પોલીસને લાઠી ચાર્જ કરવો પડયો હતો



। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

વડોદરાના નવાપુરામાં પથ્થરમારા કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. મળતી જાણકારી અનુસાર, પોલીસે આ કેસમા વધુ ૧૨ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે જે આરોપીઓની ધરપકડ કરી હતી તેમના નામ રમીઝ કુરેશી, ઈમ્તિયાઝ શેખ, ચાંદ શેખ, વસીમ મલેક, સાજીદ પઠાણ, આસિફ ચૌહાણ, કાદર શેખ, શાહિદ સિંધી,તોસિફ શેખ,ફૈઝલ,,અસરાર શેખ અને તાલીફ શેખ છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા જતીન પટેલ નામના મોબાઈલના વેપારીએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેણે કહ્યું હતું કે રાજમહેલ રોડ પર હું મોબાઈલ એસેસરીઝની દુકાન ચલાવું છું. તેમજ મારા ગ્રાહકોને ઓફર જણાવવા માટે હું ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થયો હતો. જેથી મારા ગ્રાહકોએ જય શ્રી રામ કહીને શુભેચ્છા પાઠવી હતી. જે બાદ હું ઓફરની જાહેરાત કરતો હતો. તે દરમિયાન શાહિદ પટેલ ૭૦૭૦ નામની ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હતી. જે અંગે ફરિયાદ કરવા વેપારી નવાપુરા પોલીસ સ્ટેશન ગયા ત્યારે દોઢસોના ટોળાએ પથ્થરમારો કરતા પોલીસને લાઠી ચાર્જ કરવો પડયો હતો. સમગ્ર ઘટનામાં ૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે ૧૫૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધી હતી અને પાદરાના શાહિદ પટેલની ધરપકડ કરી હતી. રાયોટિંગ મામલે ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં જ સાબસકાંઠાના પ્રાંતિજ ગામમાં બનેલી જૂથ અથડામણમાં બે જૂથો વચ્ચે જોરદાર મારામારીની ઘટના ઘટી હતી, આ જૂથ અથડામણમાં મુસ્લિમ જૂથે અચાનક ઘાતકી હથિયારી હુમલો કરીને એક હિન્દુ યુવકને મોતને ઘાટ ઉતારી દીધો હતો, આ કિસ્સામાં રાજુ રાઠોડ નામના યુવાનનુ મોત થયુ હતુ, ત્યારબાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૧૭ આરોપીઓ સામે નામજોગ અને અન્ય ૩૦ના ટોળા સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.

## તાપી અને સુરત જિલ્લામાં તાડપત્રી ચોરતી ગેન્ગ ઝડપાઇ

। (એજન્સી) તાપી, તા.૨૮ ।

સુરત જિલ્લામાંથી એકવાર ચોર ટોળકીને પોલીસે રંગેહાથે ઝડપી લીધી છે, છેલ્લા કેટલાક સમયથી તાપી અને બારડોલી વિસ્તારમાં તાડપત્રી કાપીને ચોરી કરતી ગેન્ગે આતંક મચાવ્યો હતો, જેને પર એલસીબી પોલીસે કાર્યવાહી કરતાં આખી ગેન્ગે હાઈવે રૉડ પરથી ઝડપી પાડી હતી. આ ગેન્ગમાંથી કુલ ત્રણ આરોપીઓને દબોચી લેવામાં આવ્યા હતા, જેમની પાસેથી ૭૦ હજારથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કરાયો હતો. તાપી અને સુરત જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરીની ઘટનાને અંજામ આપતી ચોર ગેન્ગને પોલીસે ઝડપી પાડી છે. જિલ્લા એલસીબી પોલીસે સુરત અને બારડોલી વિસ્તારમાંથી તાડપત્રી કાપીને ચોરી કરતી ગેન્ગને રંગેહાથે ઝડપી લીધી છે. આરોપીઓ હાઈવે રૉડ પર પરથી પસાર થતી ચાલુ ગાડીમાંથી તાડપત્રી કાપીને સાડી તેમજ કાપડના ટાંકાઓની ચોરી કરતા હતાં. અગાઉ પણ તાપીના કાકરાપાર ખાતે કાપડના ટાંકા ચોરીની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી, જે પ્રકરણમાં આરોપીઓ ઝડપાયા હતા. એલસીબી પોલીસે આ ઘટનામાં હવે ત્રણ આરોપીઓને ઝડપી લીધા, જેમની પાસેથી સાડી અને દુલ્હન જોડા સાથે કુલ મળીને ૭૦ હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે.

### ૨ વર્ષમાં ૫૧ મંદિરમાં કરી ચોરી

# જુનાગઢમાં ખોડિયાર મંદિરમાં ચોરીને અંજામ આપનાર બે આરોપી ઝડપાયા

। (એજન્સી) જુનાગઢ, તા.૨૮ ।

જુનાગઢમાં મંદિરોને નિશાન બનાવી તેમાં ચોરી કરતી ગેંગના ૨ આરોપી ઝડપાયા. મેંદરડામાં આવેલા ખોડીયાર માતાજીના મંદિરમાં ચોરી કરતા આરોપીઓ સીસીટીવીમાં થયા હતા કેદ. પોલીસે ઉમાંથી ૨ આરોપીને ઝડપી પાડ્યા. તપાસમાં આરોપીઓએ છેલ્લા ૨ વર્ષમાં રાજ્યભરનાં ૫૧ જેટલા મંદિરોમાં ચોરી કરી હોવાનું કબુલ્યું. આરોપીઓની અનોખી મોડસ ઓપરેન્ડીનો પણ તપાસમાં ખુલાસો થયો છે. ચોરી કરતા પહેલા આરોપીઓ એકબીજા સાથે મંદિરનું લોકેશન અને ફોટો શૅર કરતા હતા. જુનાગઢ જિલ્લાના વિસાવદર, મેંદરડા અને કેશોદના મંદિરોમાં પણ આરોપીઓએ હાથ ફેરો કર્યો હોવાનુ સામે આવ્યુ છે. મંદિરમાંથી સોના-ચાંદીના દાગીના અને છત્રની આરોપીઓએ ચોરી કરી હતી. ખોડિયાર મંદિમાં ચોરીના સીસીટીવી ફુટેજ સામે આવ્યા છે. જેમા સ્પષ્ટ રીતે મંદિરના આરોપીઓ મંદિરમાં પ્રવેશતા જોઈ શકાય છે. જો કે ત્રણ આરોપીઓ પૈકી એક આરોપી મંદિરમાં રહેલી યજ્ઞવેદીને નમન કરતો પણ જોવા મળ્યો હતો. મંદિરમાં ચોરી કરવા આવેલો ચોર મંદિરમાં પ્રવેશતા પહેલા યજ્ઞવેદી સામે શિશ નમાવ્યુ ત્યારબાદ ચોરીને અંજામ આપી નીકળી ગયા હતા. ત્રણ આરોપીઓમાં સાગર ગોહેલ, ભીખુ કટારીયા અને રોહિત ગોળકીયાનો સમાવેશ થાય છે. આ ચોરોની પ્રાથમિક તપાસમાં જે સામે આવ્યું છે તે સાંભળીને પોલીસ પણ ચોંકી ગઈ. આરોપીઓએ ૨ થી અઢી વર્ષના ગાળામાં જુનાગઢ જિલ્લામાં ૭ અને અન્ય જીલ્લાઓમાં ૪૮ એમ કુલ મળીને ૫૫ જેટલાં મંદિરોમાં ચોરીને અંજામ આપ્યો છે. વધુ ચોંકાવનારો ખૂલાસો એ થયો છે કે આ ચોરો માત્ર મોજશોખ ખાતર મંદિરમાં ચોરી કરતા હતા. મંદિર ચોરો પાસેથી પોલીસને સોનું ગાળવાનો સામાન પણ મળી આવ્યો છે. સોના-ચાંદીના દાગીના, મોબાઈલ અને વાહન સહિત કુલ ૨.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. હાલ પોલીસે મંદિરોને ટાર્ગેટ કરતી તસ્કર ટોળકીના બે લોકોની ધરપકડ કરી અન્ય આરોપીને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

# અમદાવાદ-વિરમગામ સેક્શનના ગોરાઘુમા સ્ટેશન પર એન્જિનિયરિંગના કામને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે

। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ-વિરમગામ સેક્શનના ગોરાઘુમા સ્ટેશન પર ડીએફસીસીઆઈએલ લાઈનથી કનેક્ટિવિટીને લઈને એન્જિનિયરિંગની કામગીરીને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે. જે નીચે મુજબ છે:

**૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી**

૧. ટ્રેન નંબર ૨૨૯૨૩ બાંદ્રા ટર્મિનસ - જામનગર હમસફર એક્સપ્રેસ
૨. ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ
૩. ટ્રેન નંબર ૨૨૯૫૨ ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ

**૦૧ માર્ચ ૨૦૨૪ ના રોજ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી હતી**

૧. ટ્રેન નંબર ૨૨૯૨૪ જામનગર-બાંદ્રા ટર્મિનસ હમસફર એક્સપ્રેસ
૨. ટ્રેન નંબર ૧૯૧૧૯ અમદાવાદ-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ
૩. ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ
૪. ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ
૫. ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ
૬. ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ – ભાવનગર સ્પેશ્યલ
૭. ટ્રેન નંબર ૦૯૪૫૯ અમદાવાદ-વિરમગામ મેમુ સ્પેશિયલ
૮. ટ્રેન નંબર ૦૯૪૬૦ વિરમગામ-અમદાવાદ મેમુ સ્પેશ્યલ
૯. ટ્રેન નંબર ૨૨૯૫૧ બાંદ્રા ટર્મિનસ – ગાંધીધામ એક્સપ્રેસ

**ડાયવર્ટ કરેલા રૂટ પર ચાલતી ટ્રેનો**

૦૧ માર્ચ, ૨૦૨૪ના રોજ, ભુજથી ચાલતી ટ્રેન નંબર ૧૪૩૧૨ તેના નિર્ધારિત રૂટ વિરમગામ-ચાંદલોડિયા-મહેસાણાને બદલે આંશિક રીતે બદલાયેલ રૂટ વિરમગામ-કટોસણ રોડ-મહેસાણા દ્વારા દોડશે. ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડવાને કારણે આ ટ્રેન ચાંદલોડિયા સ્ટેશને નહીં જાય.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in મુલાકાત લઈ શકે છે.

### ખાસ લેખ


### હવે થશે મફ્ત વીજળીના સપના સાકાર, વીજ બીલમાંથી મળશે મુક્તિ

# પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાના સથવારે મોરબી જિલ્લાના ૩૪,૪૦૦ ઘરોની છત પર થશે વીજ ઉત્પાદન

। (માહિતી બ્યુરો) મોરબી, તા.૨૮ ।

ગરીબ તેમજ મધ્યમ વર્ગના પરિવારોને મફત વીજળી આપવા માટે અને સૌર ઊર્જાને પ્રોત્સાહિત કરવા માટે પીએમ સૂર્યઘર યોજના-૨૦૨૪ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય એક કરોડ પરિવારોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી પૂરી પાડવાનો છે. આ યોજનાના માધ્યમ દ્વારા રૂ. ૭૫,૦૦૦ કરોડના રોકાણ હેઠળ ભારતના એક કરોડ ઘરો પર સોલાર રૂફટોપ સિસ્ટમ દ્વારા વીજળી પહોંચાડવામાં આવશે. જેના ઉપર કેન્દ્ર સરકાર દ્વારા સબસીડી પૂરી પાડવામાં આવશે. આ યોજનાથી લોકો માટે મફત વીજળીના સપના સાકાર થશે. સાથે સરકારશ્રી માટે વીજળીના ખર્ચમાં પણ ઘટાડો થશે, પુનઃ પ્રાપ્ય ઊર્જામાં વધારો થશે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે.

પી.એમ. સૂર્યઘર યોજનામાં પ્રથમ ૧ થી ૨ કિલોવોટ સુધી પર કિલોવોટ રૂ.૩૦,૦૦૦ એટલે કે ૨ કિલોવોટ સુધી રૂ.૬૦,૦૦૦ અને ત્યારબાદ વધારાના ૧ કિલોવોટ પર રૂ.૧૮,૦૦૦ એટલે કે ૧ થી ૩ કિલો વોટ સુધી રૂ.૭૮,૦૦૦ સબસીડી



મળવા પાત્ર થશે. જે ગ્રાહકના બેંક ખાતામાં સીધી જમાં કરવામાં આવશે. ઉદાહરણ દ્વારા સમજીએ તો જો વપરાશ ૦ થી ૧૫૦ યુનિટનો હોય તો ૧ થી ૨ કિલોવોટની સોલાર સિસ્ટમ લગાવવાથી રૂપિયા ૩૦,૦૦૦ થી ૬૦,૦૦૦ સુધીની સબસીડી મળવા પાત્ર થશે. જો વપરાશ ૧૫૦ થી ૩૦૦ યુનિટનો હોય તો ૨ થી ૩ કિલોવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવાથી રૂ.૬૦૦૦૦ થી રૂ.૭૮,૦૦૦ સુધીની સબસીડી મળવાપાત્ર થશે અને જો ૩૦૦ યુનિટથી વધુ વપરાશ હોય તો ૩ કિલોવોટથી વધુની સોલાર સિસ્ટમ લગાવવાથી વધુમાં વધુ રૂ. ૭૮,૦૦૦ સુધી સબસીડી મળવા પાત્ર થશે.

સોલાર સીસ્ટમ ઈન્સ્ટોલ કરાવવા ૧ કિલોવોટ માટે સરેરાશ ૧૦૦ સ્કેવર ફૂટની જગ્યામાં થઈ શકે છે એટલે કે ૨ કિલોવોટ માટે ૨૦૦ સ્ક્વેર ફૂટ અને ૩ કિલોવોટ માટે સરેરાશ ૩૦૦ સ્ક્વેર ફૂટની જગ્યામાં થઈ શકે છે. ૧ કિલોવોટની સોલાર સિસ્ટમ દ્વારા દરરોજ સરેરાશ ૪ કે તેથી વધારે વીજળી યુનિટનું ઉત્પાદન થઈ શકે છે આમ, જેમ કિલોવોટની સંખ્યામાં વધારો થતો જાય તેમ વીજળી યુનિટ ઉત્પાદન કરવાની ક્ષમતામાં પણ વધારો થતો જાય છે.

પી.એમ. સૂર્યઘર યોજનાનું રજીસ્ટ્રેશન https://pmsuryaghar.gov.in/ નેશનલ પોર્ટલ ઉપર ગ્રાહક જાતે કરી શકશે અથવા સરકારે અધિકૃત કરેલી એજન્સી દ્વારા અથવા વીજ કંપનીના કર્મચારીઓની મદદથી કરી શકાશે.

મોરબી PGVCL કચેરીના અધિક્ષક ઈજનેરશ્રી એસ.એચ.રાઠોડે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં પી.એમ. સૂર્યઘર યોજના માટે મોરબી જિલ્લામાં તા.૧૪-૨-૨૦૨૪ થી રજીસ્ટ્રેશન માટે ૯૦ ટીમો કાર્યરત છે. આ યોજનાનો લાભ લેવા માટે મોરબી જિલ્લા હેઠળ ૪ વિભાગીય અને ૧૮ પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરી શકાશે. વધારે માહિતી માટે PGVCL મોરબી કચેરીનો સંપર્ક કરી શકાશે. પી.એમ. સૂર્યઘર યોજના મોરબી જિલ્લાના નોડલ અધિકારીશ્રી બી.જે.વાછાણીએ જણાવ્યું હતું કે હાલ મોરબી જિલ્લામાં માટે કુલ ૩૪,૪૦૦ જેટલા કનેકશનોને પી.એમ. સૂર્યઘર યોજના હેઠળ આવરી લઈ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં તાલુકાવાર મોરબી ૨૦,૫૦૩ વાંકાનેર ૫,૭૪૩, હળવદ ૫,૦૦૦, ટંકારા ૧,૨૦૭ અને માળિયા ૧,૯૪૭ કનેકશનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પી. એમ. સૂર્યઘર યોજનાના રજીસ્ટ્રેશન માટે અરજદાર પાસે લાઈટ બીલ, મોબાઈલ નંબર તેમજ બેંકની વિગત હોવી જરૂરી છે.

પ્રધાનમંત્રી સૂર્યઘર યોજના થકી ઓછી અને મધ્યમ આવક ધરાવતા વ્યક્તિઓને રૂફટોપ સોલાર પ્રોગ્રામ હેઠળ આવરી તેમના વીજળી બિલને શૂન્ય કરવાનો સરકારનો ઉત્તમ પ્રયાસ છે. ઉપરાંત બચત કરેલી વીજળીનું વેચાણ કરી પોતાની આવક ઊભી કરી શકશે. આમ, ઉર્જા ક્ષેત્રમાં પણ આત્મનિર્ભર બની દરેક ભારતીયને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા અને બધા માટે સારા ભવિષ્યનું નિર્માણ કરવા માટે આહવાન છે.



તમિલનાડુના થૂથુકુડી ખાતે દેશના પ્રથમ ગ્રીન હાઈડ્રોજન હબ પોર્ટ પર પ્રદર્શિત પ્રદર્શનની મુલાકાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

# આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં યશસ્વી જયસ્વાલ ૧૨માં ક્રમે

## યશસ્વીએ ભારતીય કેપ્ટન રોહિત શર્માને પાછળ છોડી દીધો છે, હવે તેનો ટાર્ગેટ વિરાટ કોહલી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝમાં ભારતીય ટીમના સ્ટાર ઓપનર યશસ્વી જયસ્વાલે બેટ વડે ધૂમ મચાવી છે. તે આ ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર બેટર છે. યશસ્વી જયસ્વાલે માત્ર ૪ મેચમાં ૬૦૦થી વધુ રન બનાવ્યા છે. જેમાં ૨ બેવડી સદી પણ સામેલ છે. આ સાથે જયસ્વાલે આઈસીસીટેસ્ટ રેક્રિંગમાં પણ કમાલ કરી છે. તાજેતરમાં આઈસીસીદ્વારા જાહેર કરેલી ટેસ્ટ રેક્રિંગમાં જયસ્વાલને બે સ્થાનનો ફાયદો થયો છે. તે ૧૨મા નંબરે પહોંચી ગયો છે. આ સાથે



જ તેણે ભારતીય કેપ્ટન રોહિત શર્માને પાછળ છોડી દીધો છે. હવે તેનો ટાર્ગેટ વિરાટ કોહલી છે. યશસ્વી જયસ્વાલ ૭૨૭ રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેક્રિંગમાં ૧૨મા સ્થાને આવી ગયો છે. આ સાથે જ કોહલીને ૨ સ્થાનનું નુકસાન થયું છે. કોહલી ૭૪૪ રેટિંગ પોઈન્ટ સાથે ૯મા નંબર પર આવી ગયો છે. જો આગામી કેટલીક મેચોમાં યશસ્વીનું વર્તમાન ફોર્મ ચાલુ રહેશે તો તે કોહલીને પાછળ છોડી શકે છે. કોહલી હાલમાં ભારતનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ક્રમાંકિત બેટર છે અને ટોપ-૧૦માં એકમાત્ર ભારતીય છે. ગિલ ચાર સ્થાન આગળ વધીને ૩૧મા સ્થાને જ્યારે જુરેલ ૩૧ સ્થાન આગળ વધીને ૬૯મા સ્થાને પહોંચી ગયો છે. આ બંને ખેલાડીઓએ ચોથી ટેસ્ટમાં ૭૨ રનની અણનમ ભાગીદારી કરીને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જો રૂટે ભારતની બીજી ઈનિંગ દરમિયાન જયસ્વાલની વિકેટ લીધી હતી, જેના પછી તે ટેસ્ટ ઓલરાઉન્ડરોની યાદીમાં ત્રણ સ્થાનની છલાંગ લગાવીને ચોથા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે રવિન્દ્ર જાડેજા હજુ પણ ટોપ પર છે.

ચોથી ટેસ્ટમાં આરામ આપવામાં આવ્યો હોવા છતાં ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ટેસ્ટ બોલરોની રેક્રિંગમાં ટોપ પર યથાવત છે. કુલદીપ યાદવે ઈંગ્લેન્ડ સામે બીજી ઈનિંગમાં ૪ વિકેટ ઝડપી ૧૦ સ્થાનની છલાંગ લગાવીને ૩૨મા સ્થાને પહોંચી ગયો છે. આ તેના કરિયરની નવી ટોપ રેક્રિંગ છે.

### વિશ્વમાં રામમંદિરોની વધતી બોલબાલા

# અબુધાબી બાદ પાકિસ્તાનમાં પણ હવે રામમંદિરનું નિર્માણ થશે

## મંદિર અયોધ્યા કે અબુ ધાબી જેટલું ભવ્ય નથી, પરંતુ તે પાકિસ્તાનના લઘુમતી હિંદુઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. થોડા દિવસો બાદ યુએઈના અબુધાબીમાં પણ વિશાળ રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાકિસ્તાનમાં પણ રામ મંદિર નિર્માણના સમાચાર સામે આવ્યા છે. જો કે તે અયોધ્યા કે અબુ ધાબી જેટલું ભવ્ય નથી, પરંતુ તે પાકિસ્તાનના લઘુમતી હિંદુઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે. પાકિસ્તાનના ડેરા રહીમ યાર ખાનના રહેવાસી માખન રામ જયપાલે પોતાના એક યુટ્યુબ વીડિયોમાં આ મંદિર બતાવ્યું છે અને તેની માહિતી પણ શેર કરી છે. માખન રામના જણાવ્યા અનુસાર સિંધ પ્રાંતના ઈસ્લામકોટમાં લગભગ ૨૦૦ વર્ષ જૂનું રામ મંદિર છે. નજીકના વિસ્તારોમાંથી હિન્દુઓ અહીં પ્રાર્થના કરવા આવે છે.આ મંદિરની ઈમારત તેની ઉંમરને કારણે જર્જરિત થઈ ગઈ છે. જો કે, હવે તેનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે.

### હિમાચલની રાજ્યસભાની બેઠક પરથી અભિષેક મનુ સંઘવી હારી ગયા

# લોકપ્રતિનિધિત્વ કાયદા ૧૯૫૧ની કલમ ૧૦૨ કોંગ્રેસને ભારે પડી

## કોંગ્રેસ અને ભાજપ એમ બંનેના ઉમેદવારોને ૩૪-૩૪ મત મળ્યા હતા પરંતુ જીત કે હારનો નિર્ણય ટોસ દ્વારા લેવામાં આવ્યો હતો

। (એજન્સી) સિમલા, તા.૨૮ ।

હિમાચલ પ્રદેશમાં રાજ્યસભાની બેઠક પર ભાજપના હર્ષ મહાજન ચૂંટણી જીતી ગયા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવી હારી ગયા. અહીં રાજ્યમાં કોંગ્રેસની સરકાર હોવા છતાં તેના ઉમેદવારનો પરાજય કોંગ્રેસ માટે મોટો ઝટકો મનાઈ રહ્યો છે. કોંગ્રેસ અને ભાજપ એમ બંનેના ઉમેદવારોને ૩૪-૩૪ મત મળ્યા હતા પરંતુ જીત કે હારનો નિર્ણય ટોસ દ્વારા લેવામાં આવ્યો. જેમાં ભાજપના હર્ષ મહાજનનો વિજય થયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે મેચ ૩૪-૩૪ મતોથી ટાઈ થયું હતું પરંતુ તે પછી મહાજનને 'ડ્રો' દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ કદાચ પહેલીવાર છે કે રાજ્યસભાની ચૂંટણીના વિજેતાનો નિર્ણય 'ડ્રો' દ્વારા કરવામાં આવ્યો છે. લોકપ્રતિનિધિત્વ કાયદા, ૧૯૫૧ની કલમ ૧૦૨ હેઠળ ડ્રો કરવામાં આવ્યું હતું. તેમાં જોગવાઈ છે કે મત ગણતરી બાદ ઉમેદવારો વચ્ચે ટાઈ થાય તો ડ્રો દ્વારા પરિણામ જાહેર કરી શકાય.

### ભારત-ઈંગ્લેન્ડ પાંચમી ટેસ્ટ સાતમી માર્ચથી

# રવિચંદ્રન અશ્વીન અને જોની બેયરસ્ટો ધર્મશાલામાં તેમની ૧૦૦મી ટેસ્ટ રમશે

## અશ્વિને ૩૦.૪૧ની એવરેજથી ૧૭ વિકેટ લીધી છે, સીરિઝમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે તે સંયુક્ત રીતે બીજા સ્થાને છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝમાં ચાર મેચ પૂર્ણ થઈ ગઈ છે. હવે સીરિઝની પાંચમી અને છેલ્લી મેચ ૭ માર્ચથી ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમમાં રમાશે. ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિન અને ઈંગ્લેન્ડના બેટર જોની બેયરસ્ટો માટે આ મેચ ઘણી મહત્વની રહેશે. આ ધર્મશાલા ટેસ્ટમાં બંને ખેલાડીઓ ખાસ 'સદી' પૂરી કરશે. ધરમશાલા ટેસ્ટ દ્વારા બંને ખેલાડીઓ ૧૦૦મી ટેસ્ટ માટે મેદાનમાં ઉતરશે. અશ્વિન અને બેયરસ્ટોએ અત્યાર સુધી ૯૯ ટેસ્ટ મેચ રમી છે. અશ્વિન અને બેયરસ્ટોએ અત્યાર સુધી સીરિઝની છેલ્લી ચાર મેચ રમી છે. જો કે બેયરસ્ટોનું ફોર્મ સારું રહ્યું નથી. પરંતુ બીજી તરફ અશ્વિને શાનદાર પ્રદર્શન કર્યું છે. આવી સ્થિતિમાં અશ્વિન ધર્મશાલા



ટેસ્ટ રમશે તે લગભગ નિશ્ચિત છે. જો કે ઈંગ્લેન્ડ બેયરસ્ટોને તેની ૧૦૦મી ટેસ્ટ રમવાની તક આપવા માંગશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ સીરિઝની ચાર મેચો બાદ રવિચંદ્રન અશ્વિને ૩૦.૪૧ની એવરેજથી ૧૭ વિકેટ લીધી છે. સીરિઝમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે તે સંયુક્ત રીતે બીજા સ્થાને છે. આ સિવાય તેણે ચારેય ટેસ્ટમાં બેટિંગ દ્વારા પણ યોગદાન આપ્યું છે. બીજી તરફ બેયરસ્ટો ભારત સામે ખરાબ ફોર્મમાં ચાલી રહ્યો છે.

### ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણીના પાંચમી મેચ ધર્મશાલામાં

# રાહુલ સારવાર માટે ઈંગ્લેન્ડમાં પાંચમી ટેસ્ટ મેચ પણ ગુમાવશે

## એનસીએમેનેજમેન્ટે રાહુલની ઈજાનું પુનઃ મૂલ્યાંકન કર્યા બાદ નિષ્ણાતોના અભિપ્રાય લીધા પછી કે.એલ રાહુલને સારવાર માટે લંડન મોકલવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચમાં ઈજાગ્રસ્ત થયેલો કે.એલ રાહુલ ધર્મશાલામાં રમાનાર છેલ્લી ટેસ્ટમાંથી પણ બહાર થઈ શકે છે. અહેવાલો અનુસાર કે.એલ રાહુલ તેની ઈજાની સારવાર માટે ઈંગ્લેન્ડ ગયો છે, જેના કારણે તેના માટે સીરિઝની પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં રમવું મુશ્કેલ છે. જણાવી દઈએ રાહુલ હૈદરાબાદ ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો, ત્યારબાદ તે વિશાખાપટ્ટનમ, રાજકોટ અને રાંચી ટેસ્ટમાં રમ્યો ન હતો. હવે ધર્મશાળામાં પણ તેના રમવા પર સસ્પેન્સ છે. મળેલા અહેવાલો મુજબ



ટીમ મેનેજમેન્ટ ૭ માર્ચથી ધર્મશાલામાં શરૂ થનારી પાંચમી અને છેલ્લી ટેસ્ટ મેચ માટે કેટલાક ખેલાડીઓને આરામ આપવા પર વિચાર કરી રહી છે. જ્યારે રાજકોટમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ પહેલા કે.એલ રાહુલ ૯૦ ટકા ફિટ છે તેવું કહેવામાં આવ્યું હતું, પરંતુ તે હજુ સંપૂર્ણ રીતે ફિટ નથી.

### મણિપુરમાં અપહરણ કરાયેલા વરિષ્ઠ પોલીસ અધિકારીને બચાવાયા

# મણિપુરમાં સ્થિતિ વણસતાં સેના તહેનાત, આસામ રાયફલ્સની ચાર ટૂકડી ગોઠવાઈ



। (એજન્સી) ઈમ્ફાલ, તા.૨૮ ।

મણિપુરમાં મેઈતેઈ સંગઠન અરમબાઈ તેંગગોલના કાર્યકર્તાઓએ વરિષ્ઠ પોલીસ અધિકારીનું કથિત અહરણ કર્યું હોવાના અહેવાલો સામે આવ્યા બાદ ફરી સેના તહેનાત કરવામાં આવી છે. ત્યાં ઈમ્ફાલમાં આસામ રાઈફલ્સની ચાર ટુકડીઓને તહેનાત કરી દેવાઈ છે. જોકે પોલીસ અને સુરક્ષા દળોની કાર્યવાહી બાદ અપહ્યત અધિકારીને બચાવી લેવાયા છે. એવું કહેવાય છે કે, લગભગ ૨૦૦ લોકોએ અધિકારીના ઘરે હુમલો કરી તેમનું અપહરણ કર્યું હતું. બીજીતરફ મણિપુર પોલીસ કમાન્ડોએ પણ અપહરણ મામલે વિરોધ નોંધાવ્યો છે. વાસ્તવમાં મંગળવારે સાંજે ઘટનાની માહિતી આપતા અધિકારીએ જણાવ્યું કે, 'અમિત કુમારે કથિત વાહન ચોરીના આરોપ માં અરામબાઈ તેંગગોલના કેડરના છ સભ્યોની ધરપકડ કરી હતી. જે મામલે કેડરના કેટલાક સભ્યો કુમારના નિવાસ સ્થાને ઘુસી આવ્યા હતા અને તોડફોડ મચાવ્યા બાદ વાહનો પર આડેધડ ગોળીબાર કરી ઓછામાં ઓછા ચાર વાહનોને નુકસાન કર્યું હતું.' ઘટના અંગે અધિકારીઓએ જણાવ્યું કે, 'મણિપુર પોલીસના ઓપરેશન વિંગમાં તહેનાત અધિક પોલીસ અધિક્ષક અમિત કુમારને પોલીસ અને સુરક્ષા દળોએ સુરક્ષિત બચાવી લીધા છે.

હાલ અધિકારીને હોસ્પિટલમાં દાખલ કરાયા છે અને તેમની સ્થિતિ સ્થિર છે.' કેડરના છ સભ્યોની ધરપકડ કરાયા બાદ મેઈતેઈ મહિલા ગ્રૂપ હેઠળના મીરા પૈબિસના એક ગ્રૂપ પણ વિરોધ-પ્રદર્શન શરૂ કરી દીધું હતું અને ધરપકડ કરાયેલા છ લોકોને છોડી મુકવા રસ્તો જામ કરી દીધો હતો. પ્રદર્શન કરનારાઓની સંખ્યા વધુ હોવાના કારણે પોલીસનો કાફલો પણ ખડકી દેવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે, કુમારના નિવાસસ્થાને હુમલો કરવા આવેલા કેડરના સભ્યો સશસ્ત્રોથી સજ્જ હતા.

આ ઉપરાંત પોલીસ અધિકારીના અપહરણ મામલે મણિપુર પોલીસ કમાન્ડો હથિયારો નીચે મુકી વિરોધ નોંધાવ્યો છે.

# દર્દીઓને લૂંટતી ખાનગી હોસ્પિટલો સામે તત્કાળ પગલાં લેવા સુપ્રીમનો નિર્દેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

છેલ્લા ઘણા વર્ષોમાં ખાનગી હોસ્પિટલો ઉઘાડી લૂંટ કરતી હોય તેમ મન ફાવે એ રીતે દર્દીઓ પાસેથી આડેધડ રૂપિયા વસૂલી રહી છે જેના કારણે લોકો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે ત્યારે આ સંદર્ભે સુપ્રીમ કોર્ટ લાલ આંખ કરતા સરકારને તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે. નોંધનીય છે કે નિયમો હેઠળ, રાજ્યો સાથે કાઉન્સેલિંગ કર્યા પછી મેટ્રોપોલિટન શહેરો, શહેરો અને નગરોમાં રોગોની સારવાર અને ઉપચાર માટે માનક દરોની સૂચના જારી કરવી ફરજિયાત છે. એક સમાચાર એજન્સીના જણાવ્યાનુસાર સરકારે સુનાવણી દરમિયાન કોર્ટને કહ્યું હતં કે 'સરકારે આ મુદ્દે રાજ્યોને ઘણી વખત પત્ર લખ્યો છે, પરંતુ તેમની તરફથી કોઈ જવાબ મળ્યો નથી.' આ મામલે કોર્ટે કહ્યું કે 'નાગરિકોને



પોતાના સ્વાસ્થ્ય સંભાળવાનો મૂળભૂત અધિકાર છે અને કેન્દ્ર તેની જવાબદારીમાંથી છટકી શકે નહીં.' આ ઉપરાંત કોર્ટે કેન્દ્રીય આરોગ્ય સચિવને રાજ્યના આરોગ્ય સચિવો સાથે એક મહિનાની અંદર બેઠક કરીને માનક દરોની સૂચના જારી કરવા માટે જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે ચેતવણી આપતા કહ્યું હતું કે, 'જો કેન્દ્ર સરકાર આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નિષ્ફળ જશે તો અમે સમગ્ર દેશમાં દર્દીઓની સારવાર માટે સીજીએસએચ-નિયત સરકારી દરો લાદવાની અરજદારની અરજી પર વિચાર કરીશું.' ઉલ્લેખનીય છે કે દરેક નાગરિક માટે આરોગ્યની સંભાળ એ સૌથી મહત્વપૂર્ણ પાસું છે પરંતુ ખાનગી હોસ્પિટલો મનસ્વી રીતે ફી વસૂલી રહી છે, જેના કારણે દર્દીઓને આર્થિક સંકટનો સામનો કરવો પડે છે. એક 'વેટરન્સ ફોરમ ફોર ટ્રાન્સપરન્સી ઈન પબ્લિક લાઈફ' નામની એનજીઓએ વકીલ દાનિશ ઝુબેર ખાન દ્વારા પીઆઈએલ દાખલ કરી છે. જેમાં, કેન્દ્રને 'ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (કેન્દ્ર સરકાર) નિયમ, ૨૦૧૨'ના નિયમ ૯ મુજબ દર્દીઓ પાસેથી વસૂલવામાં આવતી ફીનો દર નક્કી કરવા નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. આ નિયમ હેઠળ, તમામ હોસ્પિટલોએ તેમના સર્વિસ ચાર્જ વિશે સ્થાનિક ભાષા તેમજ અંગ્રેજીમાં માહિતી આપવાની રહેશે.

# કોરોનાને લીધે ભારતીયોના ફેફસાને સૌથી વધુ નુકશાન

## કોરોનાના ચેપમાંથી સાજા થયા બાદ બે મહિના પછી પણ ભારતીયોના શ્વસનતંત્રમાં સમસ્યાઓ હોવાનું જણાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કોરોના મહામારીને કારણે ભારતીયોના ફેફસાંને વધારે નુકશાન થવાને કારણે અડધા જેટલાં દર્દીઓને શ્વાસ ચઢી જવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડયો હોવાનું એક અભ્યાસમાં તારણ કાઢવામાં આવ્યું છે. ધ ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ-સીએમસી-વેલ્લોર દ્વારા ૨૦૭ દર્દીઓને તપાસી તેમના ફેફસાંની કામગીરી વિશે અભ્યાસ કરવામાં આવ્યો હતો જેને પ્લોસ ગ્લોબલ હેલ્થ પબ્લિક હેલ્થ નામની જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં જણાયું હતું કે કોરોનાના ચેપમાંથી સાજા થયા બાદ બે મહિના પછી પણ ભારતીયોના શ્વસનતંત્રમાં સમસ્યાઓ હોવાનું જણાયું હતું. આ અભ્યાસ માટે તપાસવામાં આવેલાં દર્દીઓમાંથી ૪૯.૩ ટકાને શ્વાસ ચઢી



જવાની અને ૨૭.૧ ટકાને કફની સમસ્યા થઈ હોવાનું જણાયું હતું. આ અભ્યાસમાં ચીન અને યુરોપમાં થયેલાં અભ્યાસના ડેટાની સરખામણી કરાઈ હતી.

ઈટાલીમાં કરવામાં આવેલાં અભ્યાસમાં ૪૩ ટકા લોકોને શ્વાસ ચઢી જવાની અને ૨૦ટકા કરતાં ઓછાં લોકોને કફની સમસ્યા થઈ હતી. જ્યારે ચીનમાં કરવામાં આવેલા અભ્યાસ અનુસાર આ સમસ્યાઓનું પ્રમાણ ભારતીય દર્દીઓ કરતાં ઓછું જણાયું હતું. સીએમસી વેલ્લોર ખાતે પલ્મોનરી મેડિસિનના પ્રોફેસર અને મુખ્ય સંશોધક ડી.જે. ક્રિસ્ટોફરે જણાવ્યું હતુ કે આ અભ્યાસ પરથી સ્પષ્ટ થયું છે કે ભારતીય દર્દીઓને અન્ય દેશોના દર્દીઓની સરખામણીમાં ફેફસાંની કામગીરીને વધારે અસર થઈ હતી. ભારતીયોના ફેફસાંઓને જ કેમ વધારે અસર થઈ તેના ચોક્કસ કારણો જાણવાનું તો અશક્ય છે પણ અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં અન્ય રોગો ધરાવતાં દર્દીઓનું પ્રમાણ વધારે હતું. અભ્યાસમાં જણાર્યું હતું કે ૭૨.૫ ટકા દર્દીઓને ડાયાબિટિસ, હાઈપર ટેન્શન અને ફેફસાંની અન્ય બિમારી થયેલી હતી.

ફેફસાંના પરીક્ષણમાં જણાયું હતું કે ૪૪.૪ ટકા દર્દીઓમાં ઓક્સિજનને રક્તમાં ટ્રાન્સફર કરવાની ફેફસાંની ક્ષમતાને અસર થઈ હતી. જેના કારણે ઘણાંને વેન્ટિલેટર પર રાખવાની ફરજ પડી હતી. ફેફસાંને નુકશાન કરનારૂ બીજું મોટું પરિબળ હવાનું પ્રદૂષણ હોઈ શકે જેને કારણે આપણાં ફેફસાંને નુકશાન થાય છે અને રોગપ્રતિકારક ક્ષમતા પણ ઘટે છે. દિલ્હીના પલ્મોનોલોજિસ્ટ વિવેક નાંગિયાએ જણાવ્યું હતું કે દેશમાં ૨૦૨૨માં સત્યાવીસ લાખ કરતાં વધારે ટીબીના દર્દીઓ હતા. ટીબી વધારે પ્રમાણમાં ફેલાયેલો હોવાથી પણ ફેફસાંને વધારે નુકસાન થયું હોવાનું બની શકે.

# ભારતના ઈતિહાસમાં પહેલી વાર સમલૈંગિકને ફાંસીની સજા ફટકારાઈ

। મુંબઈ, તા.૨૮ ।

ભારતના ઈતિહાસમાં પહેલીવાર કોઈ સમલૈંગિકને ફાંસીની સજા સંભળાવાઈ હોવાનો મામલો સામે આવ્યો છે. મુંબઈની સેશન કોર્ટે ત્રણ મહિનાની બાળકી પર દુષ્કર્મ બાદ હત્યાના કેસમાં સમલૈંગિકને ફાંસીની સજા સંભળાવી છે. ન્યાયાધીશ અદિતિ કદમે આ ચુકાદો સંભળાવ્યો છે. તેમણે કહ્યું કે, 'આજીવન કેદનો નિયમ છે અને મોતની સજા અપવાદ છે. આ અત્યંત ગંભીર ગુનો છે. આ સજા રેર ઓફ ધ રેરેસ્ટ કેસમાં ફટકારવામાં આવે છે. આ કેસમાં જે રીતે અમાનવીયતા અને બર્બરતા સામે આવી છે, તેથી આ દુર્લભ કેસ બની જાય છે. ' કોર્ટમાં ૨૪ વર્ષના સમલૈંગિક વિરુદ્ધ નવજાત બાળકીનું અપહરણ, દુષ્કર્મ અને હત્યાનો કેસ ચાલી રહ્યો હતો. તેણે ૨૦૨૧માં મુંબઈના કફ પરેડ વિસ્તારમાં આ બિભત્સ ઘટનાને અંજામ આપ્યો હતો. કોર્ટમાં સમલૈંગિક વ્યક્તિને સજા સંભળાવી, ત્યારે તેના ચહેરા પર કોઈપણ પ્રકારનો ભાવ ન હતો અને તે ચુપચાપ ઉભો રહ્યો હતો. હવસખોર સમલૈંગિક વ્યક્તિનો શિકાર બનેલી બાળકીના માતા અને પિતા અને પરિવારના કેટલાક સભ્યો કોર્ટમાં પ હોંચ્યા હતા.

## તંત્રી લેખ...

# ચીન અને અમેરિકા કૂટનીતિમાં નબળા જ્યારે ભારત અને તુર્કી આગળ

ભારત વિશ્વના દરેક ક્ષેત્રમાં ઝડપથી એક મોટી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. ભારત કૂટનીતિમાં પણ વેગ પકડી રહ્યું છે. લોવી ઈન્સ્ટિટ્યૂટના ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ અનુસાર, ભારત વિશ્વનો એવો દેશ બની ગયો છે જે તેના રાજદ્વારી નેટવર્કને સૌથી ઝડપથી વિસ્તરી રહ્યો છે. આંકડા અનુસાર, ભારતે ૨૦૨૧ પછી ૧૧ ડિપ્લોમસી મિશન ઉમેર્યા છે. નવા ભારતીય રાજદ્વારી મિશનના લગભગ ત્રણ ચતુર્થાંશ (૮) આફ્રિકામાં છે, આ આંકડો આફ્રિકન દેશો સાથે ભારતના વધતા આર્થિક સંબંધો અને ગ્લોબલ સાઉથના નેતા તરીકે પોતાને સ્થાપિત કરવાની ભારતની મહત્વાકાંક્ષાને દર્શાવે છે. ભારતના રાજદ્વારી મિશન આફ્રિકા, એશિયા અને યુરોપમાં સૌથી વધુ ફેલાયેલા છે અને હાલમાં એશિયા, પૂર્વ આફ્રિકા અને હિંદ મહાસાગર ક્ષેત્રના દરેક દેશમાં ભારતનું પ્રતિનિધિત્વ છે. ભારતે તેના વૈશ્વિક પ્રભાવને મજબૂત કરવા તાજેતરના વર્ષોમાં ઘણા મોટા પગલા લીધા છે. પરંતુ ભારતની રાજદ્વારી નીતિઓનું વિશેષ ધ્યાન 'નેબરહુડ ફર્સ્ટ પોલિસી', 'એક્ટ ઈસ્ટ પોલિસી' અને સાગર છે. આ નીતિનો ઉદ્દેશ્ય દરેક ક્ષેત્રમાં ભૌતિક, ડિજિટલ અને કનેક્ટિવિટી વધારવાનો તેમજ આપણા પાડોશી દેશો સાથે વેપાર વધારવાનો છે. આ યાદીમાં ભારતને ૧૯૪ મિશન સાથે ૧૧મું સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે ટોચના ૩માં અનુક્રમે ચીન, અમેરિકા અને તુર્કી છે. ચીને ૨૦૧૯ની સરખામણીમાં રાજદ્વારી મિશનમાં બે મિશન બંધ કર્યા છે, તો અમેરિકા પણ નીચે સરકી ગયું છે. આ સિવાય ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સમાં તુર્કીએ ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. લોવી ઈન્સ્ટિટ્યૂટના ૨૦૨૪ ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ અનુસાર, આફ્રિકા અને મધ્ય પૂર્વમાં તુર્કીની વિદેશી પહેલોએ વળતર આપ્યું છે. આફ્રિકા અને મધ્ય પૂર્વના દેશોમાં તેની ભૂમિકાને કારણે તુર્કીની રાજદ્વારી શક્તિ વૈશ્વિક સ્તરે જાણીતી બની છે. તુર્કી હવે વિશ્વના બે મોટા જાયન્ટ્સ ચીન અને અમેરિકાથી એક ડગલું પાછળ છે. સંસ્થાએ પોતાના રિપોર્ટમાં એમ પણ કહ્યું કે તુર્કીએ મધ્ય પૂર્વના દેશોમાં રાજદ્વારી રીતે પોતાની જાતને ઝડપથી મજબૂત કરી છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તુર્કી પાસે વિશ્વભરમાં ફેલાયેલા ૨૫૨ રાજદ્વારી મિશન છે, જે ચીન (૨૭૪) અને અમેરિકા (૨૭૧) કરતા થોડા ઓછા છે. ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ શું છે તે વિષે જણાવીએ, ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ એ એક ઈન્ટરેક્ટિવ ટૂલ છે જે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ રાજદ્વારી નેટવર્ક્સને મેપ કરે છે. જેમાં એશિયાના ૬૬ દેશો, ૨૨૦ અને ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) સામેલ છે. આ ઈન્ડેક્સનો રેક્ક કોઈપણ દેશની વિદેશ નીતિ અને અન્ય દેશો સાથેના તેના સંબંધો વિશે જણાવે છે.

## આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બાકરોલ ખાતે રમતોત્સવનો પ્રારંભ

### સ્પોર્ટ્સ થકી જ દરેક વ્યક્તિના જીવનમાં અનુશાસન આવે છે : જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરી





। (માહિતી) આણંદ ।

આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બાકરોલ ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત વહીવટી તંત્રના અલગ અલગ કચેરીઓ ખાતેથી ૩૧૦ જેટલા કર્મચારી અધિકારીઓએ આ રમતોત્સવમાં ભાગ લેવા માટે નામ નોંધણી કરાવી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરીએ આ રમતોત્સવનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે દરેક અધિકારી - કર્મચારીઓ તેમની કચેરી ખાતે ૧૦ થી ૧૨ કલાકનો સમય ગાળે છે અને કચેરીમાં કામકાજ કરે છે. આવા સમયે સ્પોર્ટ્સના માધ્યમથી અધિકારી - કર્મચારીઓ તણાવ મુક્ત બને તેવા આશયથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલ આ રમતોત્સવ એ અધિકારી કર્મચારીઓ ને એક નવું જોમ પૂરું પાડશે તેવી આશા પણ તેમણે આ તકે વ્યક્ત કરી હતી.

કલેક્ટરશ્રીએ રમતમાં સ્પોર્ટ્સમેન સ્પિરિટની અગત્યતા સમજાવી ઉમેર્યું હતું કે, રમતમાં સ્પોર્ટ્સમેન સ્પિરિટ બહુ જ અગત્યનું માધ્યમ છે, દિલથી રમજો અને જીતવાનો પ્રયત્ન કરજો સ્પોર્ટ્સ થકી જ દરેકના જીવનમાં અનુશાસન આવે છે. તેમણે રમતોત્સવમાં ભાગ લીધેલા તમામ રમતવીરોને શુભેચ્છાઓ પાઠવી હતી.

કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરી, નિવાસી અધિક કલેક્ટરશ્રી ઋતુરાજ દેસાઈ, પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ સહિતના અધિકારી - કર્મચારીશ્રીઓએ બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ચેસ સહિતની રમતો રમીને પોતાની સ્પોર્ટ્સમેન સ્પિરિટ બતાવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ રમતોત્સવમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લોન ટેનિસ, વોલીબોલ, ચેસ, કેરમ, ક્રિકેટ, દોરડા ખેંચ અને એથ્લેટિક્સ જેવી રમતો રમનાર છે.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અતુલકુમાર બંસલ, નિવાસી અધિક કલેકટર શ્રી ઋતુરાજ દેસાઈ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.વી. દેસાઈ, પ્રાંત અધિકારી શ્રી વિમલ બારોટ, જિલ્લા રમત ગમત અધિકારી શ્રી અસારી તથા ચિંતનભાઈ સહિત અધિકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### સામાન્ય રીતે માનવીના જીવનમાં કોઈ અઘટિત ઘટના ઘટે, ત્યારે જ માનવીને સૌથી વધુ ઈશ્વર યાદ આવે છે

# જીવન અંજલી થાજો એ પ્રાર્થના થકી! સમાજિક વર્ગની અસમાનતાનો ગ્રાફ પણ ઘટાડી શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દેશકાળ પ્રમાણે ઘર પરિવાર માટે ઠીક છે, બાકી પ્રાર્થના એ તો નિર્મળ હૃદયમાં વહેતુ સંવેદનાનું ઝરણું છે, તે કોઈ અન્યને માટે થતી હોય છે, અથવા તો પોતાનામાં જ્યારે જીવ સહજ બુદ્ધિથી કંઈ સુધાર આવી ન શકે**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સામાન્ય રીતે માનવીના જીવનમાં કોઈ અઘટિત ઘટના ઘટે, ત્યારે જ માનવીને સૌથી વધુ ઈશ્વર યાદ આવે છે. જેમ કે પરિવારમા કોઈનું મૃત્યુ થવું, કે પછી કોઈનો ગંભીર એક્સિડન્ટ થવો, કે કેન્સર જેવા જીવલેણ રોગનું નિદાન થવું! આવી કોઈ પરિસ્થિતિમાં જીવ આવે ત્યારે તેને સ્વાભાવિક રીતે ઈશ્વર યાદ આવે. અથવા તો બહુ મોટું આર્થિક કે સામાજીક સંકટને સમયે પણ ઈશ્વર યાદ આવે અને, એ પરિસ્થિતિમાંથી બહાર આવવા તે પ્રાર્થના સહારો લે છે. દેશકાળ પ્રમાણે ઘર પરિવાર માટે ઠીક છે, બાકી પ્રાર્થના એ તો નિર્મળ હૃદયમાં વહેતુ સંવેદનાનું ઝરણું છે. તે કોઈ અન્યને માટે થતી હોય છે, અથવા તો પોતાનામાં જ્યારે જીવ સહજ બુદ્ધિથી કંઈ સુધાર આવી ન શકે, ત્યારે પોતાની બૌદ્ધિકતા વધારવા પ્રાર્થના થતી હોય છે, કે ઈશ્વર તું આમ કર, અથવા તો તેમ કર. સામાન્ય રીતે દરેક મનુષ્યનું આયુષ્ય પહેલા સો વર્ષનું ગણીને આપણા પૂર્વજો, અને ઋષિમુનિઓએ તેની અવસ્થા પ્રમાણેનાં, ચાર ભાગ પાડ્યા હતાં. અને દરેક અવસ્થામાં પોતાનું કર્તવ્ય કર્મ કરતાં કરતાં કંઈક વિશેષ કર્મ પણ એ અવસ્થા મુજબ કરવા માટે જીવ ઈશ્વરને પ્રાર્થના કરતો હોય છે. પરંતુ આજકાલ પ્રાકૃતિક અસંતુલનને કારણે જીંદગીનો કોઈ ભરોસો નથી, કે પછી જીવન ધોરણમાં ઘણો તફાવત આવી ગયો છે, અને ભોગના અતિરેકને કારણે શરીર સ્વાસ્થ્ય બગડ્યું છે, તેમજ સ્વ કેન્દ્રિત જીવન થતાં સ્વાર્થની મહત્તાથી મન પણ બગડ્યું છે. એટલે આયુષ્ય નિશ્ચિત નથી, જેટલું જીવન છે, એમાં જ કંઈક કરવાનું છે. તેથી જેને વિશેષ કર્મ કરવું છે, એણે જીવનના ઉતરાર્ધ સુધી રાહ જોવી પોષાય નહીં.

પહેલા પોતે જાગે, અને પછી બીજાને જગાડે એ રીતે સમય બગાડ્યા વગર વર્તમાન સુધારવો જોઈએ, અને આમ જુઓ તો પ્રાર્થના એ ઈશ્વર સુધી પહોંચવાની સીડી છે. પરંતુ શરત એટલી જ છે કે જાગૃતિની જાણકારી જે જીવમાં હોય, તે ઈશ્વરને શું પસંદ છે! અથવા તો ઈશ્વર આપણી પાસેથી શું આશા રાખે છે! તે મુજબનું વર્તન, કે વ્યવહાર કરીને જો જીવન જીવે, જેથી કરીને ઝડપથી ત્યાં સુધી પહોંચી શકે.ઈશ્વર અને જીવ બંનેનું પ્રાર્થનાના માધ્યમથી જો મિલન થાય તો તે અપેક્ષા ઉપેક્ષા મુક્ત રહે છે. દરિયો લહેરાતો હોય, પરંતુ તરસ લાગે તો દરિયો કામ આવતો નથી. એટલે કે દરિયાના પાણીથી તૃપ્તિ થતી નથી. પરંતુ જો એક ખોબા અથવા અંજલિ જેટલું મીઠું પાણી મળી જાય, તો એ તૃપ્તિ કરાવે છે. બસ એ જ રીતે આયુષ્ય ગમે તેટલું મોટું હોય તો પણ એમાં કંઈ વિશેષ કર્મ ન કર્યું હોય તો સંતોષ થતો નથી, પરંતુ નાના એવા આયખામાં પણ કંઈક કર્યાનો આત્મસંતોષ થાય એવું જીવન જીવવા મળે એવી એક સુંદર પ્રાર્થનાની વાત આપણે કરીશું.

**કવિ શ્રી કરસનદાસ માણેક ની રચના.**
**જીવન અંજલી થાજો!**
**મારું જીવન અંજલિ થાજો!**
**ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;**
**દીનદુઃખિયાંનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો!**
**મારું જીવન અંજલિ થાજો!**
**સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,**
**ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો!**
**મારું જીવન અંજલિ થાજો!**
**વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;**
**હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો!**
**મારું જીવન અંજલિ થાજો!**
**વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;**
**શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો!**
**મારું જીવન અંજલિ થાજો!**

કવિ શ્રી કરસનદાસ માણેકની સુંદર રચના આપણે બધાએ લગભગ પ્રાર્થના તરીકે ગાઈ હશે, અને પ્રાથમિક શાળાનો એ વર્ગ યાદ કરીએ તો બંધ આંખે આ પ્રાર્થના થતી, ત્યારે દરેકના મનમાં લગભગ આવા જ ભાવ હતા. કારણ બાળકની નિર્દોષતા તે સમયે દરેકના જીવનમાં હતી, અને નિખાલસતા બાળપણનો સૌથી મોટો ગુણ છે.પરંતુ ઉંમર વધતા રાગ દ્વેષ વધતા ગયા, અને મારું તારુંની ભાવના દ્રઢ થતી ગઈ, તો ક્યારેક ક્યારેક જવાબદારી અને કર્તવ્ય કર્મના બોજા હેઠળ પણ જીવ મૂંઝાયને ન કરવાનું કરી બેસે,તો ક્યારેક મહત્વાકાંક્ષાને કારણે પણ માનવી માર્ગેથી ભટકે છે.એવે સમયે બાળક જેવી નિર્દોષતા પાછી મેળવવા તેમજ કંઈક વિશેષ કર્મ કરવા માટે આવી કોઈ પ્રાર્થનાનો સહારો લેવો પડે. કવિની આ રચનામાં કોઈ ભારેખમ શબ્દ નથી, નથી કોઈ સંસ્કૃત ભાષાનો પ્રયોગ કર્યો, છતાં કેટલી અસરકારક ને ઉતમ ભાવ અર્જીત કરનારી છે. હે ઈશ્વર મને આયુષ્ય ભલે નાનકડું એવું આપો, પણ એ જીવનમાં હું કોઈ ને ભોજન કરાવી શકું, કોઈ તરસ્યાની આંતરડી ઠારી શકું, દર્દમાં તડપતા કોઈના આંસુ લૂછવામાં હું કોઈ દિવસ પાછી પાની ન કરું,હર હંમેશ તૈયાર રહું.સત્યનો માર્ગ કાંટાળો છે એવું કહેનારના માર્ગ પર પુષ્પ બની હું પથરાતો રહું,જગતના ઝેર ભલે પીવા પડે પણ મારી સમીપે જે આવે તેને ઉરના અમૃત વહેંચી શકું, અથવા તો ઉમળકાથી સ્વાગત કરી શકું એવા ભાવ આપજો.

ઈશ્વર તારી સમીપે આવવા માટે મારા પગમાં ક્યારેય બળ ખૂટે નહી આપવા તો હું થાકું નહીં, અને તારા અનન્ય સ્વરુપની ઝાંખી કરવા માટે હું નિશદિન ચાલતો રહું એટલી શક્તિ આપજો. હૃદયની ધડકન સાથે તારા નામનું સ્મરણ થાય એવી બુદ્ધિ આપજો. સંસાર સાગર કહો કે ભવસાગર કહો તેમાં જો અમારી આ જીવન નાવ હાલકડોલક થાય તો તેનો તું ધ્યાન રાખજે, ગમે તેટલી કઠિન પરિસ્થિતિ આવે, પણ મનમાં તારા તરફની શ્રદ્ધાનો દીપક ક્યારેય બુઝાય નહીં. આવી કોઈ પ્રાર્થના જ્યારે કરીએ ત્યારે અનુભવાય, કે જીવન કેટલું સરળ હતું, અને આપણે એને કેટલું જટિલ બનાવી દીધું છે! કંઈ જ કરવાનું નથી, માત્રને માત્ર અંતરના ભાવ શુદ્ધ કરીએ તો આપોઆપ ઈશ્વર આપણને અનુભવાય છે.ભારતીય મનીષીઓ આ બધું જ તત્વજ્ઞાન જાણતા હતા, એટલે તેમણે પ્રાર્થના પર બહુ મોટો ભાર મૂક્યો છે, અને બાળક હોય કે મોટા સૌને પોતાના દિવસની શરૂઆત પ્રાર્થનાથી જ કરવી જોઈએ. જેથી કરીને આખો દિવસ સારો જાય, અને અંતરાત્મામાંનો અવાજ સાંભળીને જીવવાની ટેવ પડે. પ્રાર્થના એ એવો પ્રયોગ છે જે સૌએ કરવા જેવો ખરો, આપણે પણ આ હાલની વૈશ્વિક અશાંતિની વિકટ પરિસ્થિતિ ને પહોંચી વળવા મોરલ સપોર્ટ વધારવા અને જીવનને સુંદર બનાવવા આવી કંઈક પ્રાર્થના કરીએ, અને સૌના જીવન ખુશખુશાલ બંને એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.



### દુઃખમાં જ જીવને પ્રભુ પાસે જવાનું મન થાય છે, વિપત્તિમાં જ એનું સ્મરણ થાય છે, તેથી વિપત્તિ એ સાચી સંપત્તિ છે

# સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સુખનું શું કામ છે? બલિહારી દુઃખની પળે પળે જ્યારે પ્રભુનું નામ જપાય છે, હું ફરી ફરી માગું છું કે, મારે માથે વિપત્તિ આવે કે, જેથી તપારાં ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે**

દુઃખમાં જ મનુષ્યને ડહાપણ આવે છે, દુઃખમાં જ જીવને પ્રભુ પાસે જવાનું મન થાય છે. વિપત્તિમાં જ એનું સ્મરણ થાય છે, તેથી વિપત્તિ એ સાચી સંપત્તિ છે. આપણે જેને વિપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી અને જેને સંપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી, પરંતુ પ્રભુનું વિસ્મરણ થાય એ સાચી વિપત્તિ, અને નારાયણનું સ્મરણ એ સાચી સંપત્તિ છે. ત્યારે શ્રીકૃષ્ણ કહે છે, તમે આ શું માગો છો? ઘણા વર્ષે હવે સુખ ભોગવવાનો સમય આવ્યો છે, તોયે તમને હજુ દુઃખ ભોગવવાની હોંશ છે?સર્વ પ્રકારનું જેનું અભિમાન છૂટે છે, જે દીન બને છે તે ભગવાનને વહાલા લાગે છે. કુંતાજી દીન બન્યાં છે. તેઓ કહે છે કે, હું જે માગું છું તે યોગ્ય છે. દુઃખ મારો ગુરુ છે. જે દુઃખમાં નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુઃખ કેમ કહેવાય? વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે તેથી તેને હું મારી સંપત્તિ માનું છું. સુખને નાખો ખાડામાં. સુખનું શું કામ છે? બલિહારી દુઃખની પળે પળે જ્યારે પ્રભુનું નામ જપાય છે. હું ફરી ફરી માગું છું કે, મારે માથે વિપત્તિ આવે કે, જેથી તપારાં ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે. ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છેઃ ૧. વિદ્યામદ, ૨. યૌવનમદ, ૩. દ્રવ્યમદ, ૪. અધિકારમદ. આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે. પોતાનું બાળક રડે છે, ત્યારે પ્રોફેસર તાળી પાડે અને તેને છાનું રાખવા પ્રયત્ન કરે છે. તે વખતે ભૂલી જાય છે કે પ્રોફેસર છું. પ્રોફેસર સાહેબ કથામાં આવે છે, ત્યારે કીર્તનમાં તેમને તાળી પાડતાં શરમ આવે છે પણ ઘરે બાબાને રમાડતાં તાળી પાડતાં શરમ નથી આવતી!

ભણેલા લોકોને ભજનમાં શરમ આવે, તો એના જેવું શરમજનક બીજું શું હોઈ શકે? ભગવાને કહ્યું છે, આ ચાર પ્રકારના મદથી જીવ ઉન્મત્ત બને છે અને મારું અપમાન કરે છે. આ મદવાળાની જીભને કીર્તન વખતે પાપ પકડી રાખે છે ને ધમકાવે છે કે, તું બોલીશ તો મારે ભાગવું પડશે માટે ચૂપ રહે! મહાભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરો. પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છે કે દુષ્ટોનો વિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે. કુંતાજી કહે છે કે, જ્યારે તમે ગોકુળમાં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી. તમારું એ બાલસ્વરૂપ મારાથી હજુ ભૂલાતું નથી. એ વખતે યશોદાએ તમને બાંધ્યા હતા. તે ઝાંખી મને થઈ છે તે હજુ ભૂલાતી નથી. આપ એવી દયા કરો કે, મને અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય. મર્યાદા પુષ્ટિભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે. કુંતા યશોદાનાં વખાણ કરે છે. પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રીકૃષ્ણ આજે થરથર કાંપે છે. સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી સંસારમાં આસક્તિ રહી જાય છે. સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે, એટલે એ સ્નેહ પાશને કાપી કાઢવાનું કહ્યું છે. ભગવાન બધું કરે છે પણ વૈષ્ણવને નારાજ કરી શકતા નથી. કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે.

કુંતાજીના મહેલ માં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે અને અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છે કે, શ્રીકૃષ્ણ મારા સખા છે. મારા માટે પાછા આવ્યા છે. કુંતાજી કહે છે, રસ્તામાં જઈને હું ઊભી રહી એટલે પાછા આવ્યા છે. દ્રૌપદી કહે, ના રે, શ્રીકૃષ્ણની આંગળી કપાઈ હતી, ત્યારે મારી સાડી ફાડી પાટો મેં બાંધેલો એટલે મારા માટે આવ્યા છે. સુભદ્રા કહે છે, તમે તો કેવળ માનેલાં બહેન છો. સગી બહેન તો હું છું.એટલે મારા માટે તેઓ પાછા આવ્યા છે. મને મળવા આવ્યા, ત્યારે હું રડી અને કઈ ન બોલી શકી માટે પાછા આવ્યા છે. પ્રભુ સર્વને વહાલો, પણ એ કોઈ એકનો નહીં. એ તો સર્વથી ન્યારો છે. શ્રીકૃષ્ણ કહે છે, હું કોઈ સગાઈ ને માનતો નથી. માત્ર પ્રેમ સગાઈમાં માનું છું. હું મારા ભીષ્મ માટે પાછો આવ્યો છું. મને ભીષ્મ યાદ કરે છે. ભીષ્મપિતા તે વખતે મૃત્યુશૈયા પર પોઢેલા છે. તેમનું મરણ સુધારવા ભગવાન પાછા આવ્યા છે. મહાત્માઓનું મરણ મંગલમય હોય છે. સંતનો જન્મ આપણા જેવો હોય છે, તેથી તેઓની જન્મ તિથિ ઊજવાતી નથી.પરંતુ સંતોનું મરણ પુણ્યમય હોય છે, મંગલમય હોય છે, તેથી તેઓની મરણતિથિ ઊજવાય છે. ભીષ્મપિતાનું મરણ કેવી રીતે થાય છે તે જોવા મોટા મોટા ઋષિઓ ત્યાં આવ્યા છે. ધર્મરાજાને પ્રભુએ ઉપદેશ કર્યો પણ તેને સાંત્વના મળતી નથી, એટલે પ્રભુ તેમને ભીષ્મપિતા પાસે જવા કહે છે. બધા બાણગંગાના કિનારે ભીષ્મ સૂતા છે ત્યાં આવ્યા છે. બાણશૈયા પર પોઢેલા ભીષ્મ વિચારે છે કે, ઉત્તરાયણમાં મારે મરવું છે. તેમણે કાળને કહ્યું કે, હું તારો નોકર નથી. મારા શ્રીકૃષ્ણનો સેવક છું. મને ભગવાને વચન આપેલું છે કે, અંતકાળે હું જરૂર આવીશ.પણ તેઓ કેમ હજુ દેખાતા નથી?મારા નારાયણ આવે તો તેમના દર્શન કરી હું પ્રાણત્યાગ કરીશ.આમ વિચારે છે તે જ વખતે ધર્મરાજા ત્યાં આવે છે. ભીષ્મ ધર્મરાજાને કહે, શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે. મારું મરણ સુધારવા તેઓ આવ્યા છે. ભીષ્મે ભગવાનને વચનથી બાંધ્યા હતા. કૌરવ અને પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી, આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યા નથી. દાદાજી, તમે બરાબર લડતા નથી. તમારે મને જ મારવો છે. આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા. આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું, ત્યારે તારી રાણીને આશીર્વાદ લેવા મોકલજે. હું અખંડ સૌભાગ્યનું વરદાન આપીશ. પછી તો હું તારું હિત ચાહું છું એની તને ખાતરી થશે ને! શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ. તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે,દાદા જી તો ઘરના છે.આજે જ જવાની શું ઉતાવળ છે? આવતીકાલે દર્શન કરવા જજેને ભાનમુતિ કહે, ભલે, તો કાલે ડોસાને ગમે ત્યારે મળાશે. પછી શ્રીકૃષ્ણે વૌપદીને જગાડી, અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા. ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી, હાથમાં દીવો વગેરે સ્વરૂપવાળા ભગવાન દેખાય છે.આજે ભગવાન દ્રૌપદીના ખવાસ થઈને આવ્યા છે.

દ્વારપાળે અટકાવ્યા. પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદી અંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપે છે, અખંડ સૌભાગ્યવતી ભવ! દ્રૌપદી બોલી, દાદાજી, તમારો આશીર્વાદ સાચો પડશે જ. ભીષ્મ પૂછે છે કે, તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું. ભીષ્મ કહે, મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં. પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમા લીધી છે,સાચા હૃદયથી નહીં.સાચા હૃદયથી તને આશીર્વાદ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે? શ્રીકૃષ્ણનું જ આ કામ. ક્યાં છે એ!ભીષ્મ દોડતા બહાર આવ્યા. શ્રીકૃષ્ણને કહે,આજે તો હું આપનું ધ્યાન કરું છું,પણ અંત કાળેતમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી. માટે અંત કાળે મારી લાજ રાખવા આવજો તે વખતે મને લેવા આવજો! તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મ પિતાને વચન આપેલું કે હું જરૂર આવીશ. તેમને આપેલુંએ વચન સત્ય કરવા આજે દ્વારિકાનાથ પધાર્યા છે.પ્રભુની રોજ પ્રાર્થના કરજો.મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે,પણ અંત કાળે દુઃખથી દેહનું સંધાન થાય છે તેથી પરમાત્માનું સ્મરણ કરવું કઠણ છે. ભીષ્મપિતા શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે,પ્રભુ ઊભા છો તેવા જ ઊભા રહેજો!શ્રીકૃષ્ણ વિચારે છે કે, મને બેસવાનું પણ નહીં કહે? પુંડલિક ની સેવા મને યાદ આવે છે. તુકારામે પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો આપ્યો છે. મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા તેની તેં કદર ન કરી.મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે.રોજ પ્રાર્થના કરો કે,નાથ,મારું મરણ સુધારજો. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ કરો અને પ્રભુને રીઝવો.



# સારા બનવાને બદલે શ્રેષ્ઠ બનવા પર ધ્યાન કેન્દ્રિત કરો

સફળ લોકો અંધ વિશ્વાસ અને દ્રઢ આત્મવિશ્વાસને બદલે વાસ્તવિક આશાવાદનો ઉપયોગ કરે છે. જ્યારે આપણે વાસ્તવિક આશાવાદનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણને ખ્યાલ આવશે કે આપણે અચૂક નથી, અને આપણે ભૂલો કરવા માટે બંધાયેલા છીએ. અમને એ પણ ખ્યાલ આવશે કે અમારી પાસે કાર્ય પૂર્ણ કરવા માટે જરૂરી એક અથવા વધુ જટિલ કુશળતાનો અભાવ છે. જ્યારે આવી અનુભૂતિનો સામનો કરવો પડે છે, ત્યારે સફળ લોકો કેવી રીતે તેમની પ્રેરણા જાળવી રાખે છે અને તેમના કાર્યોમાં સફળ થાય છે? આ લેખ એ રહસ્યને સંબોધે છે જેનો સફળ લોકો હાર માનવાને બદલે આવી પરિસ્થિતિઓમાં ઉપયોગ કરે છે. સફળ લોકો જ્યારે કોઈ કાર્યનો સંપર્ક કરે છે ત્યારે તેઓ જે લક્ષ્યો નક્કી કરે છે તેમાં રહસ્ય રહેલું છે. લોકો બે પ્રકારના લક્ષ્યોમાંથી એક સાથે કોઈપણ કાર્યનો સંપર્ક કરે છે. એક પ્રકાર છે-સારા ધ્યેયો જ્યાં તમે તમારી કુશળતામાં સંપૂર્ણ વિશ્વાસ સાથે કાર્યનો સંપર્ક કરો છો અને ધ્યાન એ સાબિત કરવા પર હોય છે કે તમારી પાસે ઘણી ક્ષમતા છે અને તમે શું કરી રહ્યા છો તે પહેલાથી જ જાણો છો. બીજું લક્ષ્ય વધુ સારું છે, જે ક્ષમતા વિકસાવવા અને નવી કુશળતા શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સારા લક્ષ્યો સાથે સમસ્યા એ છે કે જ્યારે તમે કોઈ અજાણ્યા અથવા મુશ્કેલનો સામનો કરો છો, ત્યારે તમને લાગવા માંડે છે કે તમે શું કરી રહ્યા છો તે તમે જાણતા નથી અને તમારી પાસે કાર્ય પૂર્ણ કરવાની ક્ષમતાનો અભાવ છે. તમે કેવા દેખાશો અને બીજા શું કહેશે તેની ચિંતા કરો છો. આ ચિંતા તરફ દોરી જાય છે. અને અસ્વસ્થતા એ પ્રદર્શન માટે એક વિશાળ અવરોધક છે જે તમને તમારા ટ્રેકમાં રોકશે અને નિષ્ફળતા તરફ દોરી જશે. બીજી બાજુ, વધુ સારું ધ્યેય એ અસ્વસ્થતા બસ્ટર છે. આ ધ્યેયો સાથે, જ્યારે તમે ભૂલો કરો છો અથવા જ્યારે તમારા જ્ઞાન અને કૌશલ્યના સ્તરને પડકારતી પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે તમે હાર માનતા નથી.

### તમે શું કરી રહ્યા છો તેના આધારે પર્યાવરણ તમારા ધ્યાન પર અસર કરી શકે

# ધ્યાન, એકાગ્રતા અને કૌશલ્ય સુધારો મલ્ટિટાસ્કીંગ કરવાનો પ્રયાસ ટાળો

આ ઘણા લોકો માટે એક સામાન્ય પ્રશ્ન છે. જો તમે તમારી જાતને ઘણી વાર મલ્ટિટાસ્ક કરવાનો પ્રયાસ કરતા અથવા નાનામાં નાના કાર્યોને પૂર્ણ કરવા માટે સંઘર્ષ કરતા જોતા હો, તો તમે કદાચ તમારી જાતને આ પ્રશ્ન પૂછ્યો હશે. અને ઘણી વાર, જવાબ તમારી દૈનિક પ્રવૃત્તિઓ અને તમે નિયંત્રિત કરી શકો તેવા કેટલાક ક્ષેત્રોમાં મળી શકે છે. આમાં શામેલ હોઈ શકે છેઃ તમારી સૂવાના સમયની નિયમિતતા અને ઊંઘની સ્વચ્છતા, પૂરતી ઊંઘ ન મળવી દિવસભર પૌષ્ટિક ભોજન અથવા પૂરતી કેલરી ન ખાવી, તમારો ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ તમારા દષ્ટિકોણમાં રાખો. આશ્રિતો અથવા સહકાર્યકરોને તમારા ધ્યાનની જરૂર છે. તમારો દિવસ તમારી અલ્ટ્રાડિયન રિધમ સાથે સુમેળની બહાર રચાયેલ છે, તમે વધુ પડતા તણાવમાં છો અથવા બળી ગયા છો. તમને દિવસભર પૂરતી શારીરિક પ્રવૃત્તિ મળતી નથી. તમે ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી તે કારણોના આ ફક્ત થોડા ઉદાહરણો છે. અને તેઓ મોટે ભાગે પાંચ પ્રાથમિક શ્રેણીઓ અથવા પરિબળો હેઠળ આવે છે. કંઈક કરવાની પ્રક્રિયા દરમિયાન, નવી હોય કે જૂની, માહિતીના સતત પ્રવાહ દ્વારા અમને બોમ્બમારો કરવામાં આવે છે. સંશોધકોએ શોધી કાઢ્યું છે કે આપણું મગજ આ વિક્ષેપ માટે એટલું પ્રાઈમ છે કે ફક્ત આપણા સ્માર્ટફોનને જોવાથી આપણી ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા નબળી પડે છે. અમે સતત મૂલ્યાંકન કરીએ છીએ કે માહિતી ઉપયોગી છે, પર્યાપ્ત છે કે અર્થહીન છે. નિર્ણયો લેવા માટે અમને ખરેખર વધુ માહિતીની જરૂર છે કે કેમ તે અંગેના અમારા મૂલ્યાંકનને ગૂંચવવામાં આવે છે. વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે ઊંઘની ઉણપ ઓછી સતર્કતા, ધીમી વિચાર પ્રક્રિયાઓ અને એકાગ્રતામાં ઘટાડો તરફ દોરી શકે



છે. તમારું ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને વધુ મુશ્કેલી પડશે અને તમે મૂંઝવણમાં પડી શકો છો. પરિણામે, ખાસ કરીને તર્ક અથવા તર્કને લગતા કાર્યો કરવાની તમારી ક્ષમતાને ગંભીર અસર થઈ શકે છે. લાંબી ઊંઘ તમારી એકાગ્રતા અને યાદશક્તિને વધુ અસર કરે છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટી સ્લીપ મેડિસિન સેન્ટરના ડો. એલિસન ટી. સિબર્ન નોંધે છે કે જો તમે હાથમાં જે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી, તો તે તમારી ટૂંકા અથવા લાંબા ગાળાની યાદશક્તિમાં આવવાની શક્યતા નથી. શું તમે ક્યારેય નોંધ્યું છે કે કેવી રીતે જોરશોરથી કસરત કરવાથી તમે દિવસભર વધુ હળવાશ અને ઊર્જાવાન અનુભવો છો? જ્યારે તમે શારીરિક પ્રવૃત્તિ કરતા નથી, ત્યારે તમારા સ્નાયુઓ તંગ બની શકે છે. તમે તમારી ગરદન, ખભા અને છાતીમાં ચુસ્તતા અનુભવી શકો છો અને આવી સતત, નિમ્ન-સ્તરની અગવડતા તમારી એકાગ્રતાને અસર કરી શકે છે. આપણે જે ખાઈએ છીએ તે દિવસભર આપણી માનસિક તીક્ષ્ણતા અને સ્પષ્ટતા સહિત આપણને કેવું લાગે છે તેમાં ફાળો આપે છે.

# છોડી દેવા જેવું લાગે છે? તમે ન કરી શકો તે કેવી રીતે ચાલુ રાખવું?



જો તમે વિચારી રહ્યા હોવ કે જ્યારે તમે હાર માનતા હોવ ત્યારે શું કરવું, તો તમે કૃતજ્ઞતાની પ્રેક્ટિસ શરૂ કરી શકો છો જેમ કે મંત્રોચ્ચાર અથવા કૃતજ્ઞતા જર્નલમાં લખીને. તમારી આજુબાજુ જોવાનું અથવા તમારી આંખો બંધ કરીને તે બધી વસ્તુઓ વિશે વિચારો કે જેના માટે તમારે આભારી રહેવું જોઈએ. આભાર માનવા માટે સમય કાઢવો એ પરિવર્તનકારી હોઈ શકે છે - અને ભાગ્યે જ કોઈ સમય લે છે. અહીં સૌથી શક્તિશાળી વસ્તુ વાસ્તવિક 'તમે' સાથે સંપર્ક કરી શકે છે. બકબક અને નિર્ણયો પાછળ એક. અને આ માટે શ્રેષ્ઠ વસ્તુ માઈન્ડફુલનેસ મેડિટેશન છે, એક શાંત સ્થળ શોધો, એકદમ શાંત બેસો અને તમારા મનના રેડિયો પર 'ટ્યુન ઈન' કરો. દરેક વિચાર સાંભળો, તેને 'શેર' કરવા બદલ આભાર માનો, પછી કલ્પના કરો કે તે વાદળની જેમ તરતા રહે છે. પછી તમારી જાતને પૂછો કે આ વિચારોને કોણ 'સાંભળે છે'? તમે આ વિચારોને સાંભળતા જોઈને તમારા ભાગને 'સેન્સ' કરી શકો છો કે કેમ તે જુઓ. આ 'નિરીક્ષક' તમે છો, બધા પ્રોગ્રામિંગ વિના. આપણે બધા એવા મિત્રને જાણીએ છીએ જે ક્યારેય 'મળે' નથી. જે, જ્યારે પણ આપણે ખોવાઈ ગયાનો અનુભવ કરીએ છીએ ત્યારે જ્યારે પણ આપણે તેમની સાથે વાત કરવાનો પ્રયાસ કરીએ છીએ, તે આપણને નમ્રતાથી દૂર કરે છે. અથવા તેમની મેળ ખાતી વાર્તા કહેવા માટે વાતચીતમાં ફેરફાર કરે છે, તેને દૂરથી સાંભળવાને બદલે સ્પર્ધા બનાવે છે. પરંતુ અમે બીજા કોઈને બોલાવવાનું વિચારી શકતા નથી. અથવા, ઊંડાણપૂર્વક, અમે તેમને અમારી માનસિક સુખાકારીને તોડફોડ કરવા અને પોતાને વધુ સજા કરવા માટે પણ બોલાવીએ છીએ. જ્યારે આપણે ખૂબ નાજુક અનુભવીએ છીએ ત્યારે ખોટી વ્યક્તિ સાથે વાત કરવી અત્યંત ઝેરી છે કારણ કે તે આપણને એકલા અનુભવે છે અને ગેરસમજ અનુભવે છે. તે આપણને નિરાશાની લાગણીથી આત્મહત્યાની લાગણી તરફ દબાણ કરી શકે છે. તેના દ્વારા જાતે વાત કરીને અહીં તમારા પોતાના મિત્ર બનો. જો તમે મોટેથી વાત કરી શકો તો આ શ્રેષ્ઠ કાર્ય કરી શકે છે, પરંતુ જો તમારી પાસે ગોપનીયતા ન હોય, તો તમારા માથામાં તમારી જાત સાથે વાત કરો. એવું લાગે છે કે તમે હવે બે લોકો છો, અને 'બધાનો મિત્ર' ભાગ 'આજે કાવતરું ગુમાવ્યું' ભાગ સાથે વાત કરી રહ્યો છે. "તમે આ કરી શકો છો.

# પપૈયાની સાથે આ વસ્તુ ખાતા હોય તો ચેતી જજો

પપૈયાનું સેવન કરવું આપણા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે, પરંતુ કોઈ પણ વસ્તુનું માત્ર નિશ્ચિત માત્રામાં જ સેવન કરવું વધુ સારું છે. આ નિયમ પપૈયા સાથે પણ લાગું પડે છે. વધુ પડતું પપૈયાને ખાવાથી જાણો શું નુકસાન થાય છે? ફળો અને શાકભાજી આપણા શરીર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. લોકો ઘણીવાર વિવિધ ફળો અને શાકભાજીના મિશ્રણનો આનંદ માણે છે. પરંતુ કેટલાક ફળો અને શાકભાજીનું મિશ્રણ ક્યારેક ખતરનાક પણ બની શકે છે. ફળો અને શાકભાજી આપણા શરીર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. લોકો ઘણીવાર વિવિધ ફળો અને શાકભાજીના મિશ્રણનો આનંદ માણે છે. પરંતુ કેટલાક ફળો અને શાકભાજીનું મિશ્રણ ક્યારેક ખતરનાક પણ બની શકે છે. પપૈયાનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. પપૈયામાં ડાયેટરી ફાઈબર, ફેટ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, વિટામિન સી, એ,



ઈ, બી, મિનરલ્સ, એન્ટીઓક્સીડેન્ટ, આલ્ફા અને બીટા કેરોટીન જેવા ઘણા પોષક તત્વો હોય છે. તે વજન ઘટાડવા અને પાચન શક્તિ વધારવામાં અસરકારક છે. આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે.

BOLLYWOOD NEWS FLASH

### સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ

# ઘણા વર્ષો પછી દેખાયા દયાબેન, અભિનેત્રીને ઓળખવી પણ મુશ્કેલ



નિર્માતા અસિત મોદીની કોમેડી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની એક્ટ્રેસ દિશા વાકાણી, જે દયાબેનનું પાત્ર ભજવે છે, તેણે લોકોમાં પોતાની જગ્યા બનાવી છે. આજે દિશાને કોઈ પરિચયની જરૂર નથી. પોતાના કોમિક ટાઈમિંગ અને ડહાપણથી ચાહકોનું મનોરંજન કરનારા દયાબેન પોતાના અંગત જીવનમાં વ્યસ્ત છે. દયાબેન છેલ્લા ઘણા સમયથી લાઈમલાઈટથી દૂર છે. આ દરમિયાન દયાબેનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં અભિનેત્રીને ઓળખવી પણ મુશ્કેલ છે. વીડિયોમાં એક્ટ્રેસ તેના પતિ અને બાળકો સાથે અશ્વમેધ યજ્ઞ કરતી જોવા મળે છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. દિશા વાકાણીએ તેના સમગ્ર પરિવાર સાથે ખારઘર નવી મુંબઈમાં આયોજિત અશ્વમેધ ગાયત્રી મહાયજ્ઞમાં હાજરી આપી હતી. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા અશ્વમેધ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. દિશાએ પણ યજ્ઞમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં દિશા વાકાણી મંત્રનો જાપ કરતી જોવા મળે છે. વીડિયોમાં અભિનેત્રીએ કહ્યું, 'હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું કે મને આ મહાન કામ કરવાની તક મળી. બાય ધ વે દિશાએ ૨૦૧૭માં સિરિયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માને અલવિદા કહી દીધું હતું. ઘણા વર્ષો પછી પણ એવી ચર્ચા હતી કે દિશા ફરીથી સિરિયલમાં ડેબ્યુ કરશે. પરંતુ દિશાએ હજુ સુધી આ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરી નથી. પરંતુ ચાહકો દિશાને ફરીથી સીરિયલમાં જોવા માટે ઉત્સુક છે. દિશા વાકાણીએ ૨૦૧૫માં ૨૪ નવેમ્બર ૨૦૧૫ના રોજ લગ્ન કર્યા હતા.

# કપરા દિવસોમાં દિવ્યાંકા ત્રિપાઠીએ ભંગાર વેચી દિવસો પસાર કર્યા હતા!

**તેને જણાવ્યું હતું કે તેણીને તેના બિલ અને EMI ચૂકવવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો**

સફળતા, પ્રસિદ્ધિ અને પૈસા સરળતાથી મળતા નથી. આ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિએ વર્ષો સુધી સખત મહેનત કરવી પડે છે, થોડો બલિદાન આપવો પડશે અને ઘણો સંઘર્ષ કરવો પડશે. બોલિવૂડ સ્ટાર્સ હોય કે ટીવી સ્ટાર્સ, દરેકના જીવનમાં અલગ-અલગ પડકારો આવ્યા છે. જ્યારે સ્ટારકિડ્સને પ્લેટફોર્મ મળ્યું, ત્યારે તેમના માટે તે એક પડકાર હતો કે તેમને તે નામ સાબિત કરવાનું હતું, જેના કારણે તેમનો રસ્તો સરળ બની ગયો. પરંતુ એવા ઘણા સ્ટાર્સ છે જેમણે ઈન્ડસ્ટ્રીમાં આવવા માટે ખૂબ જ મહેનત કરી અને એક તક સાથે તેઓએ પોતાને સાબિત કરી દીધા. આ ટીવી અભિનેત્રીને અમિતાભ બચ્ચન સાથે કામ કરવાની તક મળી. આ એક એવી અભિનેત્રી છે જેણે ક્યારેય અભિનેત્રી બનવાનું સપનું પણ નહોતું જોયું અને પછી જ્યારે તેણે અભિનયમાં કારકિર્દીની શરૂઆત કરી ત્યારે તે ટીવી પર સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાંની એક સાબિત થઈ. પૈસા અને પ્રસિદ્ધિ કમાવવી એટલી સરળ નથી. ઘણા લોકો નાની-નાની સમસ્યાઓથી ડરતા હોય છે અને



પોતાની જાતને સામાન્ય જીવન સુધી સીમિત કરી લે છે, જ્યારે કેટલાક લોકો તેમના ધ્યેયને હાંસલ કરતા પહેલા પીછેહઠ કરતા નથી, પછી ભલે તેઓને ગમે તેટલા અવરોધોનો સામનો કરવો પડે. મનોરંજનની દુનિયામાં આવી ઘણી હસ્તીઓ છે, તેમાંથી એક છે ટીવીની વહુ, જેને જોઈને દરેક ઘરની મા ઈચ્છતી હતી કે, 'આવી મારા ઘરે પણ આવે.' આજે આપણે એક એવી અભિનેત્રી વિશે વાત કરીશું જે આજે ટીવીની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાંની એક છે. આ અભિનેત્રી બીજું કોઈ નહીં પરંતુ દિવ્યાંકા ત્રિપાઠી છે, જે 'બનુ મેં તેરી દુલ્હન' અને 'યે હૈ મોહબ્બતેં'માં લીડ રોલમાં જોવા મળી હતી. દિવ્યાંકા લાંબા સમયથી ડેઈલી સોપથી દૂર છે, પરંતુ શું તમે જાણો છો કે તેના જીવનમાં એક એવો સમયગાળો આવ્યો હતો.

# અનુષ્કા અને પુત્રને છોડીને વામિકા સાથે બહાર ગયો

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીએ ૧૫ ફેબ્રુઆરીએ તેમના બીજા બાળકનું સ્વાગત કર્યું. તેને તેના ઈન્સ્ટાગ્રામ પર જાણકારી આપી હતી. તેમાં બાળકના નામનો પણ ઉલ્લેખ હતો. તેમના લિટલ ચેમ્પિયનનું નામ અકાય છે. ત્યારથી અત્યાર સુધી આ કપલ માત્ર લંડનમાં જ સમય વિતાવી રહ્યું છે. હવે વિરાટ કોહલી અને તેની દીકરી વામિકાની લંડનમાં એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આમાં વામિકા તેના પિતા સાથે લંચ કરતી જોવા મળી રહી છે. આ તસવીર Reddit પર શેર કરવામાં આવી છે, જેમાં વામિકા અને વિરાટ કોહલી સાથે છે. લોકો આ ફોટો પર ખૂબ જ પ્રેમ વરસાવી રહ્યા છે. એક યુઝરે લખ્યું છે કે "હું જાણું છું કે અમે તેને ફક્ત પાછળથી જ જોઈ શકીએ છીએ પરંતુ તે ખૂબ જ સુંદર લાગે છે. તેના વાળ ખૂબ જ સુંદર છે, વિરાટ કોહલી ખૂબ સારા પિતા અને પતિ છે. આ સિવાય અન્ય એક યુઝરે વિરાટ અને અનુષ્કાના ભારત પાછા આવવા પર કોમેન્ટ કરી છે કે "ઘર આજા પરદેશી તેરા દેશ બુલાયે રે. જ્યારે અન્ય એક યુઝરે વિરાટના વખાણ કરતા લખ્યું કે, "પાપા મોટી દીકરીને બહાર લઈ જઈ રહ્યા છે.

# એક્શન ફિલ્મોમાં તેની ભૂમિકાઓ માટે જાણીતો

વિદ્યુત જામવાલનું નામ બોલિવૂડના સૌથી ફિટ અને હેન્ડસમ અભિનેતાઓમાં લેવામાં આવે છે. વિદ્યુત દર વર્ષે ૧૦ ડિસેમ્બરે પોતાનો જન્મદિવસ ઉજવે છે. વિદ્યુત તેની શાનદાર ફિટનેસ અને ખતરનાક સ્ટંટના કારણે ચાહકોમાં ફેમસ છે. વિદ્યુત જામવાલનો જન્મ જમ્મુ અને કાશ્મીર રાજપૂત પિતા અને મલયાલી માતાને ત્યાં થયો હતો. તે આર્મી ઓફિસરને ત્યાં જન્મેલા ત્રણ બાળકોમાંથી એક છે. તે ત્રણ વર્ષનો હતો ત્યારથી તેમણે માર્શલ આર્ટિસ્ટ સાથે વિવિધ તાલીમ લઈને ઘણા દેશોમાં પ્રવાસ કર્યો, જામવાલે ૨૫ થી વધુ દેશોનો પ્રવાસ કર્યો, જ્યાં તેણે લાઈવ એક્શન શોમાં પરફોર્મ કર્યું છે. વિદ્યુત દેવ સિંહ જામવાલનો જન્મ ૧૦ ડિસેમ્બર ૧૯૮૦ના રોજ થયો છે. તે એક ભારતીય અભિનેતા, માર્શલ આર્ટિસ્ટ અને ફિલ્મ નિર્માતા છે જેઓ મુખ્યત્વે બોલિવુડ ફિલ્મોમાં કામ કરે છે. તે કલારીપયટ્ટુ (કાલરીપયટ્ટુ એક ભારતીય માર્શલ આર્ટ છે)ના અભ્યાસી પણ છે. તેઓ કમાન્ડો ફિલ્મમાં તેમની ભૂમિકાઓ માટે જાણીતા છે, અને એક ફિલ્મફેર પુરસ્કાર સહિત અનેક



પુરસ્કારો મેળવ્યા છે. તેણે સક્તિ સાથે તેની તેલુગુમાં ડેબ્યુ, ફોર્સ સાથે હિન્દી અને બિલ્લાસાથે તમિલમાં ડેબ્યુ કર્યું છે, આ બધી ફિલ્મોમાં નેગેટિવ ભૂમિકાઓ ભજવી હતી. તેમની પ્રથમ મુખ્ય ભૂમિકા સફળ ફિલ્મ કમાન્ડોમાં હતી. તે અંજાન, થુપ્પકી, બાદશાહો, કમાન્ડો ૨, જંગલી, યારા, કમાન્ડો ૩ અને સનક સહિતની વિવિધ ફિલ્મોમાં જોવા મળ્યો હતો. જામવાલે જ્હોન અબ્રાહમ અભિનીત ૨૦૧૧ની ફિલ્મ ફોર્સથી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો, જે તમિલ ભાષાની ફિલ્મ કાખા કાખાની રિમેક છે. તેણે આ ફિલ્મમાં નેગેટિવ ભૂમિકા ભજવી હતી અને બેસ્ટ મેલ ડેબ્યૂ માટે ફિલ્મફેર એવોર્ડ સહિત અનેક શ્રેષ્ઠ ડેબ્યૂ એવોર્ડ્સ જીત્યા હતા. ૨૦૧૧માં એનટીઆર અભિનીત તેલુગુ-ભાષાની ફિલ્મો શક્તિ અને ઉસરાવેલ્લીમાં જામવાલ નેગેટિવ ભૂમિકામાં જોવા મળ્યો હતો. ૨૦૧૨માં જામવાલે તમિલ સિનેમામાં બિલ્લાૈં સાથે તેની શરૂઆત કરી. તે જ વર્ષે, તેણે અભિનેતા વિજયની સામે થુપ્પકીમાં વિરોધીની ભૂમિકા ભજવી હતી, જે બ્લોકબસ્ટર બની હતી.

# રાશીને ગેસ ટેક્કર કહીને ડાયરેક્ટર્સ રિજેક્ટ કરતા

તેલુગુ, તમિલ અને મલયાલમ ફિલ્મોથી દક્ષિણમાં ધૂમ મચાવનાર રાશી ખન્નાની આ બીજી હિન્દી ફિલ્મ છે. વર્ષ ૨૦૧૩માં અભિનેત્રી રાશિ ખન્ના જોન અબ્રાહમ અને નરગીસ ફખરીની ફિલ્મ 'મદ્રાસ કેફે'માં જોવા મળી હતી. બોક્સ ઓફિસ ડેટા અનુસાર, આ ફિલ્મ સરેરાશ બોક્સ ઓફિસ પરફોર્મર હતી. પોતાની ડેબ્યુ ફિલ્મથી બોલિવૂડમાં કોઈ ખાસ ઓળખ બનાવી ન શકયા બાદ રાશિ ખન્નાએ સાઉથની ફિલ્મો તરફ વળી હતી. અભિનેત્રીએ વર્ષ ૨૦૧૪માં ફિલ્મ 'મનમ'થી તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો અને ત્યાં તેને દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો. જો કે, સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેની ઘણી ફિલ્મો બેક ટુ બેક ફલોપ થઈ હતી જેના કારણે તેને કામ મળતું બંધ થઈ ગયું હતું. અભિનેત્રીએ બોલિવૂડ બબલને આપેલા તેના એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે સાઉથમાં ઘણીવાર એક-બે ફિલ્મો ફલોપ થવાને કારણે કામ અટકી જાય છે. બોલિવૂડ બબલને આપેલા એક ઈન્ટરવ્યુમાં રાશિ ખન્નાએ સાઉથ ઈન્ડસ્ટ્રીમાં રિજેક્શન અને બોડી શેમિંગ વિશે પણ વાત કરી હતી. અભિનેત્રીએ જણાવ્યું હતું કે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શરૂઆતના તબક્કામાં તેને તેના વજનના કારણે ઘણી વખત રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો.

# ઝાલોદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ માળી દ્વારા ટ્રાફિક અવેરનેસ માટે જાહેર રસ્તા પર વ્યાપાર કરનાર વ્યાપારી સાથે સંવાદ કર્યો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

તારીખ ૨૭-૦૨-૨૦૨૪ સાંજના પાંચ વાગ્યે મંગળવારના રોજ ઝાલોદ પોલીસ મથકમાં જાહેર રસ્તા પર વ્યાપાર કરનાર વ્યાપારી વર્ગ જોડે ટ્રાફિક અવેરનેસ માટે એક મીટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં પી.એસ.આઈ માળી દ્વારા નાના પથારા કે હાથલારી પર વેપાર કરનાર વ્યાપારી વર્ગ સાથે સંવાદ કરતાં જણાવ્યું કે જાહેર રસ્તાને અડચણ રૂપ આવી ટ્રાફિક થાય તે રીતે કોઈ પણ વ્યાપારી વેપાર ન કરે, કોઈ પણ વ્યાપારી પોતાની જવાબદારી સમજી રોડ રસ્તા ખુલ્લા રહે તે રીતે પોતાનો વ્યાપાર કરે. પી.એસ.આઈ માળી એ વધુમાં કહ્યું કે નગરની વસ્તીમાં ધીરે ધીરે વધારો થાય છે સાથે સાથે રોડ રસ્તા પર વ્યાપાર કરનાર વ્યાપારી વર્ગ પણ વધતા જાય છે અને નગરનું ટ્રાફિક પણ વધતું જાય છે. સંકુચિત જગ્યામાં બધું શકય નથી જેથી કોઈ પણ વ્યાપારી નગરમાં અડચણ રૂપ થાય તે રીતે હાથલારી , પથારા કે રીક્ષા પાર્કિંગ ન કરે તેનું ખાસ ધ્યાન રાખે .પોલીસ સદા સહુની મદદ માટે હોય છે તેથી વ્યાપારીઓ પણ પોલીસને સહયોગ કરી કાયદો વ્યવસ્થા જાળવવામા મદદરૂપ થાય તેવો આગ્રહ કર્યો હતો.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક ટ્રાફિક અવેરનેસ અને દારુ બંદી માટે સતત પ્રયત્નશીલ શીલ છે અને આ માટે ઝાલોદ નગરનો પોલીસ સ્ટાફ પણ આ અંગે સતત પ્રયત્ન કરી રહ્યું છે. જેથી કોઈ પણ વ્યાપારી જાહેર રસ્તાને અડચણરૂપ થાય તેમ વેપાર કરશે તો પોલીસ તેવા વ્યાપારી પર કાયદેસરની કાર્યવાહી કરશે તેવું પી.એસ. આઈ માળી એ જણાવ્યું હતું. ઉપસ્થિત દરેક વ્યાપારીઓ એ પણ પોલીસને સહયોગ આપી વ્યાપાર કરશે તેવી ખાત્રી આપી હતી.

# નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

૨૮ મી ફેબ્રુઆરીને દર વર્ષે "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.ભારતના મહાન ભૌતિક વૈજ્ઞાનિક ડો.સી.વી. રામને ૨૮ મી ફેબ્રુઆરીના રોજ "રામન ઈફેક્ટ" ની શોધ કરી હતી તેની યાદમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.શાળાનાં આ.શિ. શ્રી જગદીશભાઈ રાઠોડે શાળાની ગણિત -વિજ્ઞાન લેબના વિવિધ વૈજ્ઞાનીક સાધનોનો પરિચય અને તેના ઉપયોગ વિશે માહિતી આપી હતી.અને બાળકોને ૨૧મી સદીમાં વિજ્ઞાનનું મહત્વ સમજાવ્યું હતું.

# ઝાલોદ ધાવડીયા ચેક પોસ્ટ પરથી રાજસ્થાન પરીવહન નીગમની બસ માથી ૮૬૬૮૮ નો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

તારીખ ૨૭-૦૨-૨૦૨૪ મંગળવારના રોજ રાજસ્થાનના ચિત્તોડગઢ થી બરોડા જનાર બસમા ગેરકાયદેસર રીતે દારૂની હેરફેર અંગેની માહિતી પી.એસ.આઈ માળીને મળી હતી તે આધારે પી.એસ.આઈ માળી દ્વારા સાંજના સમયે ધાવડીયા ચેક પોસ્ટ પર કડક ચેકીંગ હાથ ધર્યું હતું. આસરે સાંજના પાંચ વાગ્યાના સમય દરમ્યાન પોલીસને બાતમી મળેલ રાજસ્થાન પરિવહન નિગમની બસ જે ચિત્તોડગઢ થી બરોડા જનાર હતી. રાજસ્થાન પરિવહન નિગમનીબસ જેનો નંબર ઈત્ન-૧૪ઁ-ઈ-૫૧૯૧ બસ આવતા પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવેલ હતું.

પોલીસ દ્વારા ચેકિંગ દરમ્યાન બસની પાછળના લગેજ બોક્સ જોતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના પાંચ મોટા બોક્સ જોવા મળેલ હતા. આ અંગે બસના કંડકટર પ્રમોદ ઘનશ્યામ પુરોહિત (તા.મનાસા, જી.નીમચ એમ.પી) ની પૂછપરછ કરાતા આ પેટી ચિત્તોડગઢ બસ સ્ટેશનની આગળ ચૈતીતોરા થી અજાણ્યો ઈસમ જેનો મો.નં ૭૩૫૭૩૮૯૨૫૫ એ આ માલ ભરી આપેલ હતો અને આ માલ બરડાનો એક ઈસમ લઈ જશે તે જણાવ્યું હતું.

પોલીસ દ્વારા પાંચ બોક્સની તપાસ કરાતા તે બોક્સ માથી ૧૦૦૮ વ્હીસ્કીના પાઉચ જેની અંદાજિત કિંમત ૮૬૬૮૮ જેટલી થાય છે અને એક મોબાઈલ જેની કિંમત ૫૦૦૦ થઈ કુલ ૯૧૬૮૮ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં ઝાલોદ પોલીસને સફળતા મળી હતી.

# ઇફ્કો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે તાલીમ અને મુલાકાત કાર્યક્રમ યોજાયો



। (માહિતી) રાજકોટ, તા.૨૮ ।

ઈફકો રાજકોટ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડીયાના સંયુક્ત ઉપક્રમે ખેડૂતો માટે તારીખ ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન બે દિવસીય તાલીમ અને મુલાકાત કાર્યક્રમો કે.વી.કે.-તરઘડીયા ખાતે યોજાયા હતાં, જેમાં ઈફકોનાં તજજ્ઞો તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શ્રી સુરેશભાઈ કવાડે શાબ્દિક સ્વાગત કરીને નેનો-યુરીયા અને નેનો-ડીએપી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. શ્રી જયદીપભાઈ માવાણીએ ઈફકો દ્વારા ઉત્પાદિત રાસાયણિક ખાતરો વિશે તેમજ શ્રી સુજલભાઈ પટેલે ઈફકો દ્વારા ઉત્પાદિત ઓર્ગેનિક પ્રોડક્સની વિસ્તૃત માહિતી આપી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડો.જે.એચ. ચૌધરીએ રસાયણિક ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ અંગે, ડો.જે.એન.ઠાકરે દરિયાઈ શેવાળ અંગે, ડો.એમ. એમ.તાજપરાએ પશુપાલન માટે ઘાસચારાના ઉત્પાદન અંગે, શ્રી ડી.પી.સનેપરાએ રસાયણિક ખાતરોના ઉપયોગ સમયે લેવાની કાળજી અંગે ખેડૂતોને સુપેરે માહિતગાર કર્યા હતાં. આ કાર્યક્રમમાં મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકાના ૮૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમના સુચારૂ આયોજન માટે પાયલબેન ટાંક અને શ્રી અરવિંદભાઈ બેરાણીએ મહેનત કરી હતી.

# પોરબંદરમાં સાંસદ મહિલા ખેલ મહોત્સવ યોજાયો



। (માહિતી બ્યુરો) પોરબંદર, તા.૨૮ ।

"સાંસદ મહિલા ખેલ મહોત્સવ" સાંદીપની ગુરુકુળ અને સરદાર પટેલ રમત સંકુલ, પોરબંદર ખાતે યોજાયો હતો. આ સાંસદ ખેલ મહોત્સવમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત જિલ્લા રમત વિકાસ અધિકારી, ડો. મનીષકુમાર જીલડીયાએ કર્યું હતું. ત્યાર બાદ સાંસદ મહિલા અને ખેલ મહોત્સવ માં શ્રેષ્ઠ ફરજ બજાવેલ કોચીસને સંસદ સભ્યશ્રીના હસ્તે મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપી રમત અંગેનું મહત્વ સમજાવી મહિલા ખેલાડીઓને ભવિષ્યમાં રમત પ્રવૃતિમાં જોડાવવા અપીલ કરી હતી. આ "સાંસદ મહિલા ખેલ મહોત્સવ" માં અન્ડર – ૧૭ અને ઓપન એઈજ વય જૂથમાં રાઈફલ શુટિંગ, યોગાસન કરાટે, ચેસ, એથ્લેટીક્સ, કબડ્ડી, રસ્સાખેંચ વગેરે કુલ ૦૭ રમતો યોજાઈ હતી. આ સાંસદ મહિલા ખેલ મહોત્સવમાં જુદી-જુદી રમત માં ૬૦૦ થી વધુ મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ સાંસદ મહિલા ખેલ મહોત્સવમા સંસદ સભ્યશ્રી રમેશભાઈ ધડુક, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી ચેતનાબેન તિવારી સહીત મહાનુભાઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

# નાયબ બાગાયત નિયામક ખેડા તથા કે.વી.કે, સણસોલી દ્વારા "મિશન મધમાખી કાર્યક્રમ" અંતર્ગત ખેડૂત તાલીમ શિબિર યોજાઈ



। (પ્રતિનિધી) નડિયાદ, તા.૨૮ ।

નાયબ બાગાયત નિયામક ખેડા દ્વારા અંતર્ગત સેન્ટર ઓફ એકસેલન્સ મહંમદપુરા કપડવંજ ખાતે "મિશન મધમાખી કાર્યક્રમ" અંતર્ગત ખેડૂત તાલીમ શિબિર યોજાઈ હતી. આ તાલીમ શિબિર અંતર્ગત ઉપસ્થિત ખેડૂતોને મધમાખી ઉછેર માટે જરૂરી કામગીરીની માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે કીટકશાસ્ત્રી ડૉ.બી.એમ.ઝાલાએ મધમાખી વસાહત, રાણી મધમાખી, મધ પેટી નિયમિત સફાઈ, મધ પેટીને ખુલ્લી અને બંધ રાખવાનો સમય, આસપાસના વાતાવરણનું મહત્વ, મધમાખી ઉછેર માટે નો નિભાવ ખર્ચ સહિતની અગત્યની બાબતોની સરળ સમજૂતી ખેડૂતોને આપી હતી.ઉપરાંત મદદનીશ ખેતી નિયામક, કપડવંજ શ્રી પંકજભાઈ પટેલ દ્વારા મધ ઉત્પાદનમાં મધ પેટી માંથી મધ કાઢવાની પ્રક્રિયાનું પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ બાગાયત નિયામક ડૉ. સ્મિતાબેન પિલ્લાઈ દ્વારા ખેડૂતોને બાગાયત ખાતાની વિવિધ યોજનાનો વધુમાં વધુ ખેડૂતોને બાગાયત ખાતાની યોજનાનો લાભ લેવા જણાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મદદનીશ બાગાયત નિયામક શ્રી જૈમિનભાઈ પટેલ, શ્રી હરેશભાઈ સહિત અન્ય બાગાયત વિભાગના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# રાજકોટ ટ્રાફિક પોલીસ દ્વારા દ્વિ-ચક્રી વાહનોના પાર્ટસની ચકાસણીનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો



। (માહિતી) રાજકોટ, તા.૨૮ ।

રાજકોટ ટ્રાફિક પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક અવેરનેસના ભાગ રૂપે રાજકોટ ખાતે ગોંડલ ચોકડી અને કટારીયા (કોસ્મો) ચોકડીની આસપાસના વિસ્તારોમાં ૬૩ જેટલા દ્વિ-ચક્રી વાહનોના બ્રેક અને અન્ય પાર્ટસની ચકાસણીનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં મીકેનીક શ્રી નીતિનભાઈએ દ્વિ-ચક્રી વાહનોના બ્રેક તથા વાહનોના અન્ય પાર્ટ્સનું યોગ્ય ફીટીંગ, ઓઈલીંગ સહિતની ચકાસણી કરી હતી. તેમજ પોલીસ ઈન્સ્પેકટરશ્રી એન.જી.વાઘેલાએ વાહનોનની જાળવણી સંબંધી જરૂરી સૂચનો વાહનચાલકોને કર્યા હતા. આ કેમ્પ માં પોલીસ ઈન્સ્પેકટરશ્રી જે.આર.દેસાઈ, સબ ઈન્સ્પેકટરશ્રી આર. જે.ચારણ, હેડ કોન્સ્ટેબલશ્રી ધીરજભાઈ પરમાર સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ગોધરા ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા

# શહેરના બામરોલી રોડ ઉપર મહારાણા પ્રતાપ ચોકથી સમ્રાટનગર સુધીના ગેરકાયદેસર દબાણ હટાવવા ટ્રાફીક ડ્રાઈવ યોજાઈ



। (માહિતી બ્યુરો) ગોધરા, તા.૨૮ ।

તા.૨૭/૦૨/૨૦૨૪ના રોજ બપોરના ૨-૩૦ કલાકથી ૬-૩૦ વાગ્યા દરમ્યાન કલેકટરશ્રી પંચમહાલ,ગોધરાના માર્ગદર્શન હેઠળ નાયબ કલેકટરશ્રી ગોધરા પ્રાંત ગોધરાની અધ્યક્ષતામાં ગોધરા શહેર ખાતે બામરોલી રોડ ઉપર મહારાણા પ્રતાપ ચોકથી સમ્રાટનગર સુધીના રોડ ગેરકાયદેસર દબાણ હટાવવા ટ્રાફીક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જે ડ્રાઈવમાં મહેસુલ વિભાગ, પોલીસ વિભાગ, ટ્રાફીક વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ગોધરા નગરપાલીકા, આર.ટી.ઓ., એમ.જી.વી. સી.એલ. વિગેરે વિભાગો દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદર ડ્રાઈવમાં જાહેર રસ્તા ઉપર ગેરકાયદેસર રીતે બાંધકામ કરેલ ૧૫૨(એક સો બાવન) જેટલા ઓટલાઓ, કમ્પાઉન્ડ વોલ કે અન્ય રીતે કરેલ દબાણોને તોડી પાડવામાં આવ્યા હતા, વધુમાં આર.ટી.ઓ દ્વારા ૪(ચાર) નો પાર્કિંગ ઝોનમાં પાર્ક કરેલ વાહન અંગે સ્થળ ઉપર રૂા.૩૫૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચ સો પુરા)નો દંડ ફટકારાયો હતો.

# એન.સી.સી, રાજકોટ દ્વારા એનીમિયા જાગૃતિ કાર્યક્રમ યોજાયો : ૭૦૦ કેડેટ્સ જોડાયા

। (માહિતી) રાજકોટ, તા.૨૮ ।

રાજકોટ તા. ૨૭ ફેબ્રુઆરી - યુનિસેફ, રાજ્ય આરોગ્ય વિભાગ અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી મુખ્ય મથક એન. સી.સી. રાજકોટ ગ્રુપ દ્વારા પી.ડી.એમ. કોલેજ, રાજકોટ ખાતે તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ એક દિવસીય એનીમિયા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેનાર કેડેટ્સ માટે એનીમિયા અને રક્ત પરીક્ષણ અંગે જાગૃતિ વર્ગો પણ યોજવામાં આવ્યા હતા. આ તકે, ગ્રુપ કમાન્ડર, રાજકોટ ગ્રુપ એન.સી.સી.ના બ્રિગેડિયર એસ. સંજયે એનીમિયા અંગે જાગૃતિ અને સમાજમાં આ સમસ્યાને ઉકેલવા માટેના મહત્વના પગલાઓ પર પ્રકાશ પાડ્યો હતો. ગ્રૂપ કમાન્ડરે ઉલ્લેખ કર્યો હતો કે એનીમિયા જાગૃતિના ક્ષેત્રમાં આ એક પાયલોટ પ્રોજેક્ટ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી જાતને આજે તમે સામાન્ય પણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. તમારી માટે પ્રેમ પવનમાં છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રેક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ. તમારો રોમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે કે આમાં તેમણે માથું ન મારવું જોઈએ.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

ન્યૂઝ બ્રિફ

## બ્રિટિશ ભારતીય કપલે અમેરિકામાં પ્રતિબંધિત દવાઓ ઘૂસાડી?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

વિદેશમાં રહેતા ભારતીયો સખત મહેનત કરીને સફળતા મેળવે છે અને આખી દુનિયામાં ભારતનું નામ રોશન કરતા હોય છે. પરંતુ કેટલાક લોકો એવા ધંધા કરે છે જેના કારણે આકરી સજા ભોગવવી પડે છે. એક અત્યંત ધનાઢ્ય બ્રિટિશ-ભારતીય કપલની કહાણી પણ કંઈક આવી જ છે. ૪૫ વર્ષના કિરણજિત ઘુમાન અને ૪૬ વર્ષના સુખજિત સિંહ ઘુમાન પર ભારતમાંથી અમેરિકામાં વાંધાજનક દવાઓ ઘુસાડવાનો આરોપ લાગ્યો છે. આવા પદાર્થોની હેરાફેરી કરવામાં તેમને લાંબી સજા થાય અને તેમને બ્રિટનમાંથી પકડીને યુકે મોકલી દેવામાં આવે તેવી શક્યતા છે. અમેરિકાએ આ બંનેને પકડવા માટે ગયા વર્ષે પ્રત્યાર્પણની વિનંતી કરી હતી. હવે બંનેની એરેસ્ટ થઈ ગઈ છે. આ ભારતીય મૂળનું દંપતી યુકેમાં વેસ્ટમિન્સ્ટર કોર્ટ સમક્ષ હાજર થયું હતું. કોર્ટે ૧૬ સપ્ટેમ્બરથી ત્રણ દિવસની પ્રત્યાર્પણની સુનાવણી નક્કી કરી છે. આ દંપતીએ કેટલીક પ્રતિબંધિત દવાઓ અમેરિકામાં ઘૂસાડી હોવાનો આરોપ છે. તેમણે અમેરિકાના કેટલાક સ્ટેટમાં મંજૂરી વગરની દવાઓ વેચી હતી. આ ઉપરાંત તેમણે આવી દવાઓ વિકસાવવા અને તેને ડેવલપ કરીને અમેરિકન બજારમાં વેચવા માટે લાખો ડોલર પણ મળ્યા હતા. આ રીતે અમેરિકામાં ઈલિગલ રીતે મેડિસિનનો ધંધો ચલાવવા બદલ આ દંપતીની ધરપકડ કરવામાં આવી છે. એક બ્રિટિશ અખબારના અહેવાલ પ્રમાણે સુખી ઘુમાન અને કિરણ ઘુમાને ફેફસા અને પેનક્રિયાટિક કેન્સરની સસ્તી અને અનરેગ્યુલેટેડ દવાઓ વેચી હતી. આમ કરીને તેમણે જંગી નફો મેળવ્યો હતો. જોકે, આ દંપતીએ પોતાની સામેના આરોપોને નકારી કાઢ્યા છે. સુખી અને કિરણે ભારત અને શ્રીલંકાથી દવાઓ મેળવીને અમેરિકામાં ઘૂસાડી હતી. તેઓ કેલિફોર્નિયા અને એરિઝોનામાં મેડિકલ ક્લિનિક ધરાવે છે જ્યાં પેશન્ટ્સને આ દવાઓ આપવામાં આવી હતી. કેટલાક દર્દીઓને તો એક્સપાયરી ડેટ વીતી ગઈ હોય તેવી દવાઓ પણ આપવામાં આવી હતી. કિરણજિત ઘુમાન અને સુખજિત સિંહ ઘુમાન પર આરોપ છે કે તેમણે ભારતમાંથી કેટલીક દવાઓની વ્યવસ્થા કરી હતી જેને અમેરિકામાં ઘૂસાડવામાં આવી હતી. ત્યાર પછી આ દવાઓ કેન્સરના દર્દીઓ અને હ્યુમેટિક દર્દના પેશન્ટને તેનું વેચાણ કરવામાં આવ્યું હતું. સુખજિત સિંહ કેલિફોર્નિયા અને એરિઝોના ખાતે ઓક્ટાવિયન નામની કંપનીના ગ્રૂપ સીઈઓ છે. તેઓ અગાઉ અમેરિકામાં રહેતા હતા પરંતુ વર્ષ ૨૦૦૩માં તેઓ યુકે આવી ગયા હતા. આ દંપતીએ તેની સામેના તમામ આરોપો નકારી કાઢ્યા છે.



નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ચારા સિમ્પોઝિયમ કાર્યક્રમમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ હાજરી આપી હતી.

છટણીને કારણે લંડન સ્ટેશન સંપૂર્ણપણે બંધ રહેશે

## સોની કંપની લગભગ ૯૦૦ કર્મચારીઓની છટણી કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સોની ઈન્ટરેક્ટિવ એન્ટરટેઈનમેન્ટે સામૂહિક છટણીની જાહેરાત કરી છે. સોની કંપનીના યુનિટે જણાવ્યું હતું કે તે તેના પ્લેસ્ટેશન યુનિટમાંથી લગભગ ૯૦૦ કર્મચારીઓની છટણી કરશે. આ તેના વૈશ્વિક કર્મચારીઓના લગભગ ૮ ટકા છે. પ્લેસ્ટેશન યુનિટના પ્રેસિડેન્ટ અને સીઈઓ જિમ રાયને કર્મચારીઓને જાહેરમાં બહાર પાડેલા ઈમેલમાં જણાવ્યું હતું કે ઘણા મહિનાઓ સુધી સાવચેતીપૂર્વક વિચારણા અને અસંખ્ય નેતૃત્વ ચર્ચાઓ પછી, તે સ્પષ્ટ થઈ ગયું છે કે વ્યવસાયને વધારવા અને કંપનીને વધારવા માટે ફેરફારો કરવાની જરૂર છે. કંપનીના સીઈઓ જિમ રાયને કહ્યું કે કંપનીના તમામ ક્ષેત્રોમાં કર્મચારીઓને છટણીથી અસર થશે. પ્લેસ્ટેશનનો લંડન સ્ટુડિયો સંપૂર્ણપણે બંધ રહેશે, અન્ય કેટલાક સ્ટુડિયોને પણ અસર થશે. હકીકતમાં, માંગના અભાવ પછી, જાપાનીઝ ગેમિંગ જાયન્ટે ૧૪ ફેબ્રુઆરીએ તેના ફ્લેગશિપ પ્લેસ્ટેશન ૫ કન્સોલ માટે વેચાણની આગાહીમાં ઘટાડો કર્યો.

ત્રણ મિલિયન પાઉન્ડનું ઈમિગ્રેશન કૌભાંડ

## ભારતમાં ફરાર છે બ્રિટિશ એરવેઝના એક સુપરવાઈઝર

### ગ્રાહકોને મહત્વના વિઝા ડોક્યુમેન્ટ્સ વગર જ બ્રિટિશ એરવેઝ નેટવર્ક દ્વારા મોકલવા માટે છટકબારીનો દુરુપયોગ કરતો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

બ્રિટિશ એરવેઝના એક સુપરવાઈઝર પર ત્રણ મિલિયન પાઉન્ડના ઈમિગ્રેશન કૌભાંડનો આરોપ લાગ્યો છે. આ સુપરવાઈઝરે હીથ્રો ચેક-ઈન ડેસ્કમાંથી લગભગ પાંચમાં ત્રણ મિલિયન પાઉન્ડનું ઈમિગ્રેશન કૌભાંડ આચર્યું છે. જોકે, હાલમાં તે ભારતમાં ભાગતો ફરે છે. આ શંકાસ્પદ શખશ ટર્મિનલ-૫ પર કામ કરતો હતો. તે ગ્રાહકોને મહત્વના વિઝા ડોક્યુમેન્ટ્સ વગર જ બ્રિટિશ એરવેઝ નેટવર્ક દ્વારા મોકલવા માટે છટકબારીનો દુરુપયોગ કરતો હતો. આ માટે તે ગ્રાહક પાસેથી ૨૫,૦૦૦ પાઉન્ડ જેવી માતબર રકમ લેતો હતો. યુકેની પોલીસ ભારતનીય પોલીસ સાથે મળીને તેને શોધવાનો પ્રયાસ કરી રહી છે.

ધરપકડ બાદ જામીન મળ્યા પછી આ શખસ પોતાના બ્રિટિશ એરવેઝ ગ્રાઉન્ડ સર્વિસિસ પાર્ટનર સાથે ગાયબ થઈ ગયો છે. તેણે મોટા ભાગે ભારતમાંથી ગ્રાહકો મળી રહેતા હતા. જેઓ ટેમ્પરરી વિઝા પર યુકે જતાં હતા જ્યાં તે શખસ તેના માટે જેટની વ્યવસ્થા કરી આપતો હતો. અન્ય ગ્રાહકો યુકેમાં આશ્રય ઈચ્છતા લોકો હતા જેમને પોતાના દેશમાં પાછા ફરવાનો ડર હતો. વર્ષોથી બ્રિટિશ એરવેઝની ટોરન્ટો અથવા વેનકુંવગની બ્રિટિઝ એરવેઝ ફ્લાઈટ્સમાં ટ્રાવેલ કરીને આવ્યા બાદ તરત જ આશ્રય માંગનારાની સંખ્યા વધવાના કારણે કેનેડિયન સત્તાવાળાઓએ ચેતવણી જાહેર કરી હતી. જેના કારણે તપાસ શરૂ કરવામાં આવી હતી જેમાં સામે આવ્યું હતું કે, આ તમામ લોકોને એક જ વ્યક્તિ દ્વારા ચેક-ઈન કરવામાં આવ્યા હતા. જેણે ખોટી રીતે ચકાસ્યું હતું કે પ્રવાસીઓ પાસે પસંદ કરેલા દેશમાં પ્રવેશવા માટે ઈટીએ એટલે કે ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન છે. પેસેન્જર દ્વારા તેના મૂળ દેશમાં જ ઈટીએ માટે અરજી કરી શકાય છે અને બ્રિટિશ એરવેઝ અધિકારીની મદદ વિના તેને નકારી કાઢવામાં આવે છે. છ જાન્યુઆરીના રોજ તેની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ બાદમાં જામીન મળ્યા બાદ તે હીથ્રોથી ભારત આવી ગયો હતો. કહેવાય છે કે ભારતમાં તેણે ઘણા ઘર ખરીદ્યા છે. બ્રિટનના એક મીડિયા અહેવાલ પ્રમાણે, તે એ છટકબારી




જાણતો હતો કે હવે ઈમિગ્રેશન તપાસ અધિકારીઓ દ્વારા કરવામાં આવતી નથી પરંતુ એરલાઈનના સ્ટાફ પર છોડી દેવામાં આવે છે. તેણે ખોટા ડેટા ઈનપુર કરીને અને ઈટીએ દસ્તાવેજો સુરક્ષિત હોવાનો દાવો કરીને તેણે ઘણા લોકોને એવા દેશોમાં પહોંચાડ્યા જ્યાં તેમને પ્રથમ વખત પ્રવેશવાની મંજૂર મળતી નથી. જે-તે દેશમાં જઈને બોગસ પેસેન્જર્સ પોતાના દસ્તાવેજો ફાડી નાંખે છે અને આશ્રય મેળવવા માટે દાવો કરે છે. મીડિયા અહેવાલમાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ઘણા લોકો કેનેડા જવા ઈચ્છતા હતા તેથી તેની ચૂકવણી કરવા માટે તેઓ બ્રિટન ગયા હતા.

ઘણા લોકો ૧૦ વર્ષ સુધી યુકે ઈમિગ્રેશન સિસ્ટમમાં અટવાયેલા હતા અને તેમને ડર હતો કે તેમને તેમના મૂળ દેશમાં પાછા મોકલી દેવામાં આવશે. આ એક બુદ્ધિશાળી યોજના હતી અને તેની મદદથી તેણે લાખો રૂપિયા બનાવ્યા છે. જોકે, હકિકતમાં શું બન્યું છે તે અંગે હજી કોઈ જાણતું નથી. બ્રિટિશ એરવેઝના સૂત્રોએ જણાવ્યું હતું કે, એરલાઈને સુપરવાઈઝર અને તેના પાર્ટનરના કોન્ટ્રાક્ટ સમાપ્ત કરી દીધા હતા. બ્રિટિશ એરવેઝ હાલમાં તપાસમાં અધિકારીઓને મદદ કરી રહ્યું છે. બીજી તરફ યુકે હોમ ઓફિસનું કહેવું છે કે હાલમાં તપાસ ચાલી રહી છે તેથી આ અંગે કંઈ કહેવું યોગ્ય રહેશ નહીં.

લિમિટથી વધારે જમીન રાખી તો જવુ પડી શકે છે જેલ!

## ભારતમાં જમીન ખરીદવાની મહત્તમ મર્યાદા બધા રાજ્યોમાં અલગ-અલગ

### જાણકારી અનુસાર, ભારતમાં ખેતી યોગ્ય જમીન કેટલી મર્યાદા સુધી રાખી શકાય છે, તેને લઈને કોઈ કાયદો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતના સંવિધાને દેશના બધા નાગરિકોને સમાન અધિકારી અને ન્યાયપૂર્ણ જીવન આફવાનો અધિકાર આપ્યો છે. પરંતુ, ક્યારેક-ક્યારેક જાણકારીના અભાવમાં માણસ ભૂલ કરી બેસે છે અને ત્યારે પછતાવો થાય છે, જ્યારે તે કાયદાની જાળમાં ફંસાઈ જાય છે. આજે અમે તમને એવા જ એક કાયદા વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેનું ઉલ્લંઘન દરેક વ્યક્તિ અથવા તેમની આસપાસ રહેતા લોકો કરે છે. જો કે, મોટાભાગના લોકો આ પ્રકારની ભૂલ જાણકારીના અભાવમાં કરે છે. સોના, ચાંદી અને રૂપિયાના પ્રકારે જમીન રાખવાની પણ એક મર્યાદા નક્કી કરવામાં આવે છે. જો તમારી પાસે એક નિશ્ચિત મર્યાદા કરતા વધારે જમીન મળે છે, તો તમારા પર કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. જાણકારી અનુસાર, ભારતમાં ખેતી યોગ્ય જમીન કેટલી મર્યાદા સુધી રાખી શકાય છે, તેને લઈને કોઈ કાયદો નથી. પરંતુ દેશભરમાં દરેક રાજ્યોએ જમીન રાખવાની એક નિશ્ચિત મર્યાદા નક્કી કરી રાખી છે, એટલા માટે એવું નથી કે તમે ૧૦૦ એકર અને ૧૦૦૦ એકર જમીન ખરીદી રાખી શકો છો. પરંતુ ભારતમાં જમીન ખરીદવાની મહત્તમ મર્યાદા બધા રાજ્યોમાં અલગ-અલગ છે. પૂરા દેશમાં જમીન રાખવા માટે એક સરખો કાયદો નથી.

ભારતમાં જમીનદારી પ્રથા નાબૂદ કર્યા પછી, કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને આ અધિકાર આપી દીધો છે. દેશમાં વ્યક્તિ ઈચ્છે તેટલી જમીન ધરાવી શકતો નથી. ભારતમાં જમીન ખરીદવાની મર્યાદા વિવિધ રાજ્યોની ભૌગોલિક સ્થિતિ અનુસાર નક્કી કરવામાં આવી છે. દરેક રાજ્યોએ ખેતીલાયક જમીનની મર્યાદા નક્કી કરી છે. આ માટે આખા દેશમાં એક સમાન કાયદો નથી. જમીન સુધારો અધિનિયમ ૧૯૫૪ દેશમાં જમીનદારી પ્રથાને નાબુદ કરવા માટે બનાવવામાં આવ્યો હતો. આ અધિનિયમ આવ્યા બાદ દરેક રાજ્યોના જમીન રાખવા મુદ્દે નિયમ અલગ-અલગ છે. કેરળમાં, લેન્ડ એમેન્ડમેન્ટ એક્ટ ૧૯૬૩ હેઠળ, અપરિણીત વ્યક્તિ ફક્ત ૭.૫ એકર સુધીની જમીન ખરીદી શકે છે. તે જ સમયે, ૫ સભ્યોનો પરિવાર ૧૫ એકર સુધીની જમીન ખરીદી શકે છે. મહારાષ્ટ્રમાં ખેતીલાયક જમીન તે જ ખરીદશે જેઓ પહેલેથી જ ખેતીમાં છે. અહીં મહત્તમ મર્યાદા



૫૪ એકર છે. પશ્ચિમ બંગાળમાં વધુમાં વધુ ૨૪.૫ એકર જમીન ખરીદી શકાય છે. તે જ સમયે, બિહારમાં તમે ૧૫ એકર સુધીની ખેતીની જમીન ખરીદી શકો છો. હિમાચલ પ્રદેશમાં ૩૨ એકર જમીન ખરીદી શકાય છે. કર્ણાટકમાં ૫૪ એકર જમીન ખરીદી શકાય છે અને અહીં પણ મહારાષ્ટ્રનો નિયમ લાગૂ છે.

ઉત્તર પ્રદેશમાં એક વ્યક્તિ મહત્તમ ૧૨.૫ એકર ખેતીયોગ્ય જમીન ખરીદી શકે છે. દેશમાં દરેક રાજ્યોને એટલા માટે જમીન બનાવવાનો કાયદો આપવામાં આવ્યો છે, કારણ કે તેમની ભૌગોલિક સ્થિતિ અલગ છે. સ્થાનિક નિવાસી, આદિવાસી ભૂમિ, લાલ ડોરાની જમીન ઘણા પ્રકારની જમીન સરકારની પાસે છે, જેના પર રાજ્ય સરકારોને હક આપવામાં આવ્યો છે. જો પડોશીં દેશ પાકિસ્તાનની વાત કરીએ, તો અહીં પ્રોપર્ટી હેરિટન્સ એક્ટમાં જમીન રાખવાની જોગવાઈ છે. પરંતુ અહીં પણ ભારતની જેમ દરેક રાજ્યના નિયમો અલગ-અલગ છે. આ જ સ્થિતિ બાંગ્લાદેસમાં પણ છે. બાંગ્લાદેશમાં પણ જમીન રાખવા માટે કોઈ નક્કી કાયદો નથી. અંગ્રેજો દ્વારા પસાર કરાયેલા કાયદા હજુ પણ ત્રણેય દેશોમાં સંશોધિત સ્વરૂપમાં લાગુ છે. એકંદરે, ભારતમાં, જો તમે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ જમીન ધરાવો છો, તો તમારે જેલ જવું પડી શકે છે.


વિશેષ

આશ્રમશાળામાં ધેનુ ગીર ગૌશાળા અર્પણ હોલ તથા ઔષધ બાગનું લોકાર્પણ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વરદહસ્તે કરાયું

## ભરૂચ જિલ્લાના નેત્રંગના ચાસવડના કસ્તુરબા સેવાશ્રમ, મરોલી સંચાલિત આશ્રમશાળા ખાતે રાજયપાલશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

। (માહિતી) ભરૂચ ।

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે નેત્રંગના ચાસવડ ખાતે કસ્તુરબા સેવાશ્રમ, મરોલી આશ્રમશાળામાં ધેનુ ગીર ગૌશાળા અર્પણ હૉલ તથા ઔષધ બાગના લોકાર્પણનો પ્રસંગ યોજાયો હતો. આ અવસરે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના વરદહસ્તે નાના અને સીમાંત ખેડૂતોને ગૌદાન પણ કરવામાં આવ્યું હતું. 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'માં રાજ્યપાલશ્રીએ સંબોધનને બદલે ઉપસ્થિત કૃષિકારો સાથે પારસ્પરિક સંવાદ સાધીને રાસાયણિક અને જૈવિક ખેતીને બદલે પ્રાકૃતિક કૃષિથી થતા લાભાલાભ વિશે વિશદ્ સમજ આપી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરો જેવા કે ડીએપી, યુરિયા અને જંતુનાશક દવાઓના વધારે વપરાશથી રાસાયણિક ખેતી કરીને આપણે આપણી પ્રાકૃતિક કૃષિની સમતુલા ખોરવી નાખી છે. આબોહવામાં પરિવર્તન થઈ રહ્યું છે. જળવાયુ ખરાબ કરવાનું કાર્ય રાસાયણિક ખેતી કરી રહી છે. ધરતીનું તાપમાન દોઢ ડિગ્રી વધી ગયું છે. એક ડિગ્રી તાપમાન વધશે તો લાખો કરોડો ટન ખેતરમાં અનાજનું ઉત્પાદન ઓછું થઈ જશે. તેમ તેમણે કૃષિ પ્રત્યેની ચિંતા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો આપણે સારૂ સ્વાસ્થ્ય જાળવવું હશે તો સારો સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવો પડશે. સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન પ્રાકૃતિક કૃષિ દ્વારા જ મળશે. જંગલમાં જે વૃક્ષો હોય છે, તેમાં તમામ પ્રકારના ખનીજતત્વો હોય છે. કુદરતી રીતે જ તેમાં તમામ પ્રકારના તત્વો ઉમેરાય છે. આ જ પ્રકારના તત્વો આપણી ખેતીમાં અને આપણા ખેત ઉત્પાદનમાં ઉમેરાય



તે અંગેનું અભિયાન આપણે ચલાવી રહ્યાં છીએ. આ પ્રાકૃતિક કૃષિથી જ આપણી જમીન ઉપજાઉ બની શકશે. તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. ગુજરાતના નવ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી ચૂક્યા હોવાનું જણાવી રાજયપાલશ્રીએ ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને ધરતી માતાને બચાવવાના આ મહાયજ્ઞમાં જોડાય તે માટે આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, જ્યાં બીમારી હશે ત્યાં જ કમજોરી આવશે. બીમારી નબળાને જ પકડે છે. આથી આપણે આપણા ખેતરમાં જીવામૃત, ઘનજીવામૃત, નિમાસ્ત્ર, શતપર્ણી જેવા કુદરતી ઉપચારો આદરવા રાજયપાલશ્રીએ પોતે લખેલા પુસ્તકમાં પ્રાકૃતિક કૃષિની આપેલી પધ્ધતિઓને અનુસરવા ખેડૂતોને આહ્વાન કર્યું હતું. કૃષિમાં છાણિયું ખાતર વાપરવાથી નાઈટ્રોજન અને મિથેન ગેસ વધે છે. કાર્બન ડાયોક્સાઈડએ વૃક્ષોનો ખોરાક છે અને ઓક્સિજન એ આપણો ખોરાક છે ત્યારે વાતાવરણને બચાવવા માટે આપણે આપણા જન્મદિવસ કે વર્ષગાંઠના અવસરોએ એક વૃક્ષ અવશ્ય વાવવું જોઈએ અને આ વૃક્ષનું ત્રણ વર્ષ સુધી જતન સંવર્ધન થાય તે માટે કાળજી રાખવી જોઈએ. ત્યારબાદ આ વૃક્ષ આપણને તેના સમગ્ર જીવનકાળ દરમિયાન સાચવશે. વૃક્ષ વાવવું એ ઈશ્વરિય કાર્ય છે અને તેનાથી મોટી કોઈ ઈશ્વરભક્તિ નથી. તેમ જણાવી તેમણે આવનારી પેઢી માટે તે મોટો ઉપકાર હશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ખેડૂત ભાઈઓની ગેરસમજ દૂર કરતાં જણાવ્યું કે વધુ રાસાયણિક ખાતર વાપરવાથી વધુ ઉત્પાદન મળે છે એવી માન્યતા હશે, પરંતુ હકીકતમાં તેનાથી વિપરિત થઈ રહ્યું છે. આગામી સમયમાં સારા સ્વાસ્થ્યપ્રદ ખોરાક માટે પ્રાકૃતિક કૃષિ આધારિત ખેતી અપનાવી ખર્ચ ઘટવા સાથે ઉત્પાદકતા વધે તે માટે દેશી ગાય આધારિત ખેતી કરવા માટે સૌ કટિબદ્ધ થઈએ તે આજના સમયની નિતાંત આવશ્યકતા છે. ખેડૂતોની ગેરસમજ દૂર કરીને ગુરુદક્ષિણામાં જિલ્લાના ખેડૂતો પાસેથી પ્રાકૃતિક ખેતી કરવાની હિમાયત તેમણે કરી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત જૂથો, એફપીઓ તથા મોડલ ફાર્મના ૨ જેટલા સ્ટોલની રાજ્યપાલશ્રીએ પ્રત્યક્ષ મુલાકાત લઈ અને પ્રાકૃતિક કૃષિ પેદાશો વિશેની જાણકારી મેળવી હતી. કસ્તુરબા સેવાશ્રમ, મરોલી આશ્રમશાળામાં ધેનુ ગીર ગૌશાળા અર્પણ હોલ તથા ઔષધ બાગનું લોકાર્પણ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વરદહસ્તે કરાયું હતું. વધુમાં ગૌ શાળામાંથી ૭૦ જેટલી ગાયો પૈકી ૫ ગાયો પ્રતિકાત્મક રીતે ખેડૂતોને અર્પણ કરી હતી. કસ્તુરબા સેવાશ્રમ, મરોલીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ખુમાનસિંહ વાસિયાએ સ્વાગત પ્રવચન કરીને સંસ્થાકિય પ્રવૃત્તિની વિસ્તૃત વિગતોની જાણકારી આપી હતી.

STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS OF **'CHANNEL NINE NETWORK GUJARAT'** GUJARATI DAILY AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE & OF REGISTRATION ON NEWSPAPER
**(CENTRAL RULES 1956)**
**FORM-IV (SEE RULE-B)**

| | | | |
|---|---|---|---|
| 1. | Place of Publication | : | Channel Nine Network Gujarat 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015, |
| 2. | Periodioly of its publication | : | Daily |
| 3. | No. of Page | : | 8 |
| 4. | Price | : | 2:00 |
| 5. | Printer's Name | : | PATEL SURESH RAMANLAL |
| | Whether Citizen on india | : | YES |
| | Address | | 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015, |
| 6. | Publisher's Name | : | PATEL SURESH RAMANLAL |
| | Whether Citizen on india | : | YES |
| | Address | | 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015, |
| 7. | Editor's Name | : | PATEL SURESH RAMANLAL |
| | Whether Citizen on india | : | YES |
| | Address | | 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015, |
| 8. | Name and address of individuals who own the Newspaper and partners OR Share Holders Holding More than one parcent | : | PATEL SURESH RAMANLAL 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015, |

I **PATEL SURESH RAMANLAL** hereby declere that particulars given above are true to the best of my knowledge and belief.

Date : 29-02-2024 **PATEL SURESH RAMANLAL**
signature of publisher

### વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો

# અમદાવાદમાં ૭૦ વર્ષીય વૃદ્ધાનું ગળું દબાવી હત્યા નીપજાવી

## મૃતદેહ મળી આવ્યો તે સમયે વૃદ્ધાના ગુપ્ત ભાગો પર ઇજા થયેલી હતી તેમજ આંખ, નાક અને કાનમાંથી લોહી નીકળતું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં એક વૃદ્ધાની હત્યા કરવામાં આવી છે. ૭૦ વર્ષીય વૃદ્ધાનું ગળું દબાવી હત્યા નીપજાવી હતી. મૃતદેહ મળી આવ્યો તે સમયે વૃદ્ધાના ગુપ્ત ભાગો પર ઈજા થયેલી હતી તેમજ આંખ, નાક અને કાનમાંથી લોહી નીકળતું હતું. સમગ્ર મામલે ફરિયાદને આધારે વૃદ્ધાની હત્યાનો ભેદ ઉકેલવા કાર્યવાહી હાથ ધરી છે.



અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નરોડા જીઆઈડીસીમાં આવેલી પાણીની ટાંકી પાસે એક અજાણી વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે ત્યાંથી પસાર થતા એક વ્યક્તિએ વૃદ્ધાને ઓળખી લેતા મૃતક વૃદ્ધાના દીકરીને જાણ કરવામાં આવી હતી. મૃતક વૃદ્ધાના દીકરી ઘટનાસ્થળ પર પહોંચતા ત્યાં મૃતક માતાનો ગળે કપડા વડે ટૂંપો દીધેલી હાલતમાં મૃતદેહ જોવા મળ્યો હતો સાથે જ તેમના ગુપ્ત ભાગમાં પણ ઈજાઓ હતી અને આંખ, નાક, કાનમાંથી લોહી નીકળતું હતું.સમગ્ર મામલે મૃતકની દીકરી દ્વારા નરોડા પોલીસને જાણ કરી હત્યાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે નરોડા પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક વૃદ્ધાનું નામ ચંપા ઠાકોર છે અને તે નરોડા ક્રોસિંગ પાસે રહે છે. મૃતક ચંપા ઠાકોર એકલવાયું જીવન જીવે છે. ૨૭ ફેબ્રુઆરીએ ચંપા ઠાકોર પાણીની ટાંકી પાછળ લાકડા કાપવા ગયા હતા. જ્યાં તેમની હત્યા થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. વૃદ્ધાને ગળે કપડા વડે ટૂંપો આપવામાં આવ્યો હોય અને બાદમાં તેના મૃતદેહને ઝાડીઓમાં ફેંકી દીધો હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે. વૃદ્ધ મહિલાની હત્યા મામલે પોલીસ અલગ અલગ મુદ્દાઓ પર તપાસ કરી રહી છે. મહિલા અને તેની બાજુમાં રહેતી પુત્રી પણ એકબીજા સાથે વાતચીત કરતા નહોતા. બીજી તરફ મૃતક મહિલાના ગુપ્ત ભાગોમાં પણ ઈજાના કારણે પોલીસ તે દિશામાં પણ તપાસ કરી રહી છે.

# ગાંધીનગર ખાતે આવેલા ડો. બાબાસાહેબ આંબેડકર ભવનનું રૂપિયા ૧.૫૦ કરોડના ખર્ચે નવીનીકરણ

## સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ પ્રજાજનો માટે ખુલ્લું મુક્યું


। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

ગાંધીનગર ખાતે સેક્ટર ૧૨માં આવેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનનું રૂ.૧,૪૯,૩૧,૯૪૭ ના ખર્ચે નવીનીકરણ કરવામા આવ્યું છે. આ ભવન સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ પ્રજાજનો માટે ખુલ્લું મુક્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન જિલ્લાની સામાજિક ન્યાયની પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બને અને સમાજના નબળા વર્ગના માણસો માટે તેમના સામાજિક, સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમો માટે ઉપયોગી બને તે હેતુથી જિલ્લા કક્ષાએ ડૉ. આંબેડકર ભવન બાંધવાની યોજના અમલમાં મુકાઈ હતી. હાલમાં કુલ- ૨૫ જિલ્લાઓમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આંબેડકર ભવનોના બાંધકામ કરવામાં



આવ્યા છે. આ ભવનનું કુલ-૩૦૦૦ ચો.મી જમીનમાં નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૮૪ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો વાતાનુકુલીન ઓડીટોરીયમ હોલ, ૨૫ વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતો સમિતિખંડ, લાયબ્રેરી, સમિતિખંડ મુલાકાતી ખંડ મ્યુઝિયમ રૂમ, ગ્રીનરૂમ, તેમજ કાર્યાલય તેમજ આગળના ભાગમાં બગીચો બનાવવામાં આવ્યો છે.

## ભારત ના નારી રત્નો




। અમદાવાદ, તા.૨૮ ।

ભારતની મહાન નારીઓની કથા ઘણી જૂની અને લાંબી છે. ભારતની જે પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરા છે, તેને ભારતની દીકરીઓએ સાચવી રાખી છે અને તે વારસા તરીકે તેને નવી પેઢીને સોંપતી ગઈ છે. ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે નારીઓએ પ્રત્યેક ક્ષેત્રમાં પ્રશંસનીય પ્રદાન કર્યું છે. પરિવાર, સમાજ અને દેશના વિકાસ માટે તે હંમેશા જાગૃત રહી છે. આ સંગ્રહમાં આવી મહેનતુ, ધૈર્યવાન અને સેવાપરાયણ મહિલાઓના જીવનની ઝલક છે. આમાં મધ્યયુગની વીરાંગનાઓથી લઈને આધુનિક યુગના કસ્તુરબા સુધીના પુણ્યચરિત નારી રત્ન છે. આ પુસ્તકથી આપણી નવી પેઢીના દીકરા-દીકરીઓને દેશપ્રેમની પ્રેરણા મળશે.

પ્રકરણઃ મીરાબાઈ, પન્ના ધાય, રાણી દુર્ગાવતી, ચાંદ સુલતાના, નૂરજહાં, રાજમાતા જીજાબાઈ, તારાબાઈ, રાણી ભવાની, અહલ્યાબાઈ, વીર રાણી ચેન્નમ્મા, મહારાણી લક્ષ્મીબાઈ, બેગમ હજરત મહલ, એની બેસન્ટ, પંડિતા રમાબાઈ, મા શારદા દેવી, રમાબાઈ રાનાડે, ભગિની નિવેદિતા, કસ્તુરબા, સરોજિની નાયડુ અને સુભદ્રાકુમારી ચૌહાણ.




ગુજરાત અધ્યાપકની માંગણીને કારણે નવરંગપુરા કોમર્સ કોલજ પાસે કરેલ દેખાવો.

## ઝાલોદ ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળાનો સાયન્સ સિટી અમદાવાદ ખાતે પ્રવાસ યોજાયો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળાનો સાયન્સ સિટી અમદાવાદ ખાતે પ્રવાસ યોજાયો. જઈસઈઈઆરટઈ, ગાંધીનગર અને ડાયટ દાહોદ આયોજીત સાયન્સ સિટી મુલાકાત કાર્યક્રમ અંતર્ગત ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળા તા.ઝાલોદ ની શાળાના બાળકોનો એક દિવસીય પ્રવાસ યોજાયો, જેમાં શિક્ષણ સાથે માર્ગદર્શન અને આધુનિક ૩//ડી-૪//ડી ફિલ્મ દ્વારા વિવિધ વિજ્ઞાન ટેક્નોલોજી સાથે સજીવસૃષ્ટિની અવનવી ખાસિયત અને રોબોટિક ઉપકરણની ઉપયોગીતા અને મહત્વ વિશે માહીતિ મેળવી, મોજ મસ્તી સાથે સાંજે હોટલમાં ગુજરાતી ડિશ જમવા નો લહાવો લીધો. બાળકોને ખુબ મજા આવી. ત્યાર બાદ રાત્રે ૧૧:૧૦કલાકે શાળામા પહોંચી છુટા પડ્યા.

# ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર અને સરદાર પટેલની જન્મભૂમિ નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો

## અગાઉ ૭ની જાહેરાત બાદ આજે વધુ બે મહાનગર પાલિકાની જાહેર કરતા આમ રાજ્યમાં ૧૭ કોર્પોરેશન થશે

। નડિયાદ, તા.૨૮ ।

ઈઝ ઓફ લિવિંગ વધારવાની પ્રતિબદ્ધતા સાથે વધુ બે નગર પાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રાજ્ય સરકારના નિર્ણયની વિધાનસભા ગૃહમાં જાહેરાત કરતા કહ્યું કે, મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરની પોરબંદર-છાયા નગર પાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવશે. એટલું જ નહીં, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ નડિયાદની નગરપાલિકાને પણ મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવામાં આવશે.

પોરબંદર-છાયા શહેર દરિયાકિનારે આવેલ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતું શહેર છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ તથા રાજ્ય ધોરીમાર્ગોથી દેશ તથા રાજ્યના મોટા શહેરો સાથે પોરબંદર જોડાયેલું છે. પોરબંદર દરિયાકિનારે આવેલું હોઈ, ટુરિઝમ ક્ષેત્રે તથા પવન ઊર્જા અને સૌર ઊર્જા જેવા ગ્રીન એનર્જીના ક્ષેત્રે વિકાસ થવાની વિપુલ તકો ધરાવે છે.

તેજ રીતે નડિયાદ શહેર પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ, એક્સપ્રેસ હાઈવે તથા રાજ્ય ધોરીમાર્ગથી અન્ય મોટા શહેરો સાથે જોડાયેલું છે. નડિયાદ ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ બેલ્ટ પર આવેલું શહેર છે. સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો ધરાવતા આ બન્ને નગરો પોરબંદર અને નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં બન્ને શહેરોને આધુનિક માળખાગત સુવિધાયુક્ત બહુઆયામી મહાનગરપાલિકાઓ તરીકે વિકાસ પામવાની ઉજ્જ્વળ તકો પ્રાપ્ત થશે

રાજ્યમાં શહેરીકરણની ગતિ વધી રહી છે અને અંદાજે ૫૦ ટકા વસ્તી અત્યારે શહેરોમાં વસવાટ કરે છે. ૨૦૪૭ સુધીમાં આ ટકાવારી વધીને ૭૫ ટકા સુધી પહોંચશે તેવું અનુમાન છે. વધતા શહેરીકરણ સાથે શહેરોમાં રોજીરોટી, ધંધા-રોજગાર, વ્યવસાય માટે વસતા લોકોને શહેરી સુખાકારીના કામો ત્વરાએ મળી રહે તથા ઈઝ ઓફ લિવિંગ વધે તેવા અભિગમ સાથે રાજ્ય સરકારે સાત નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની મહત્વપૂર્ણ જાહેરાતમાં ૧. નવસારી, ૨. ગાંધીધામ, ૩. મોરબી, ૪. વાપી, ૫. આણંદ, ૬. મહેસાણા, ૭. સુરેન્દ્રનગર, વઢવાણને આપવામાં આવ્યો હતો.

ગુજરાતમાં આના પરિણામે હવે આગાઉની ૮ મહાનગરપાલિકા ઉપરાંત ૯ નવી મહાનગરપાલિકાઓ ઉમેરાતાં રાજ્યમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ થશે તથા નગર સુખાકારીના કામોને વધુ વેગ અને નવી દિશા મળતા થશે.

## પમા ધોરણમાં ભણતા બે બાળકોના પાણીમાં ડૂબી જવાથી મોત થયા

। (એજન્સી) તાપી, તા.૨૮ ।

કુકરમુંડા તાલુકાના જળાશયમાં ડૂબી જતાં ૨ બાળકોના મોત થયા છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર કુકરમુંડા તાલુકાના મોદલા ગામના બે બાળકો આમોદા ગામ નજીક આવેલ ઉકાઈ કેચમેન્ટના પાણીમાં ન્હાવા ગયા હતા.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે સાયન્સ કાર્નિવલ ૨૦૨૪નો પ્રારંભ




। અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC) રાષ્ટ્રીય રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે ૨૮મી ફેબ્રુઆરીથી ૩જી માર્ચ ૨૦૨૪ દરમિયાન પાંચ દિવસીય સાયન્સ કાર્નિવલ (વિજ્ઞાન ઉત્સવ)નું આયોજન કરવામાં આવ્યુ છે.

સાયન્સ કાર્નિવલનુ ઉદ્ઘાટન ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર-IAS ના હસ્તે કરવામાં આવ્યુ. અતિથી વિશેષ તરીકે SAC (ISRO) ના ડિરેક્ટર શ્રી નિલેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા. ઉપરાંત, સાયન્સ સિટીના એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર શ્રી જે. બી. વદર-GAS, ગુજકોસ્ટના સલાહકાર શ્રી નરોતમ સાહુ સહિત અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ વર્ષે સાયન્સ કાર્નિવલની થીમ છે ‘‘વિકસીત ભારત માટે સ્વદેશી ટેકનોલોજી’’ મુલાકાતીઓ તથા વિદ્યાર્થીઓમાં આપણા પૃથ્વીના વાતાવરણમાં થતા ફેરફાર તથા તેની માનવજીવન પર થતી અસરો વિશે માહિતી મળી રહે તે માટે સાયન્સ સિટીમાં નવનિર્મિત ક્લાઈમેટ ચેન્જ લર્નિંગ લેબનુ લોકાર્પણ પણ કરવામાં આવ્યુ. ઉપરાંત આવનારા સમયમાં રોબોફેસ્ટ ૪.૦ ની પણ જાહેરાત કરવામાં આવી. સાયન્સ કાર્નિવલ ૨૦૨૪ એ વૈજ્ઞાનિક સંસ્થાઓ, શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ, રાજ્ય અને દેશના જાણીતા વૈજ્ઞાનિકો અને ફેકલ્ટીઓ સાથે સંકળાયેલી વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની શ્રેણી સાથે એક પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક ઈવેન્ટ બનવા જઈ રહી છે. વિજ્ઞાન ઉત્સવમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રદર્શન, વૈજ્ઞાનિક વર્કશોપ, લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન, વિજ્ઞાન પ્રદર્શન, વૈજ્ઞાનિક સ્પર્ધાઓ, હોલ ઓફ ફેમ, હોલ ઓફ મેથ્સ, ઉર્જા લર્નિંગ લેબ, ક્લાઈમેટ ચેન્જ લર્નિંગ લેબ, STEM પુસ્તક મેળો, વૈજ્ઞાનિક પાત્ર ભૂમિકા ભજવવાનો સમાવેશ







થાય છે. ઉપરોક્ત સમયગાળા દરમિયાન સર્જનાત્મક શિક્ષણ માટેનું કેન્દ્ર, આકાશ નિરીક્ષણ, વિજ્ઞાન રમતો, વૈજ્ઞાનિક ફિલ્મ ફેસ્ટિવલ, થીમ ગેલેરીઓની શૈક્ષણિક મુલાકાત વગેરેનો સમાવેશ થાય છે જેથી બધા જ મુલાકાતીઓ આ કાર્યક્રમોનો આનંદ લઈ શકે અને વિજ્ઞાન ઉત્સવનો ભાગ બની શકે. આ ઈવેન્ટ યુવા વૈજ્ઞાનિકોને વિજ્ઞાનમાં તેમની કારકિર્દી અને વ્યવસાય બનાવવા માટે એક વાસ્તવિક પ્લેટફોર્મ પૂરું પાડશે. પાંચ દિવસીય આ સાયન્સ કાર્નિવલમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ સાયન્સ સિટીની મુલાકાત લેશે.

# અમદાવાદના છ વિસ્તારોમાં રેડ, લાખોનો મુદ્દામાલ અને અનેક આરોપીઓની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં એક સાથે અનેક જગ્યા પર દારુ અને જુગાર સહિતની ગેરકાયદે પ્રવૃતિઓ નહીવત હોવાની અને પોલીસની કડક કામગીરીની પોલ જાણે સ્ટેટ મોનિટરીંગ સેલે એક જ નાઈટમાં ખોલી નાખી છે.સ્ટેટ મોનિટરીંગ સેલે ૫ જગ્યાઓ પર રેડ કરી લાખોનો મુદ્દામાલ અને અનેક આરોપીઓને પકડી પાડ્યા છે. અમદાવાદ પોલીસ સવારે સ્પોર્ટસ મીટના ગ્રાઉન્ડમાં દોડતી હતી અને અડધી રાતે રેડો પડતા પોલીસ કમિશનર સ્કવોર્ડ સહિતની એજન્સીઓની ઉંઘ ઉડી ગઈ હતી. રાતો રાત અમદાવાદમાં અન્ય વિસ્તારોમાં પણ ગેરકાયદે પ્રવૃતિઓ પર વહિવટદારોએ રોક લગાવી લીધી હતી. આ અંગે અલગ અલગ પાંચ પોલીસ સ્ટેશનમાં ગુના નોધાયા હતા. સ્ટેટ મોનિટરીંગ સેલની રેડોએ પીસીબી સહિતની પોલીસની પોલ ખોલી નાખી હતી. અમદાવાદમાં છેલ્લા કેટલાય સમયથી દારુ જુગારની ગેરકાયદે પ્રવૃતિઓ ફુલીફાલી હતી. આ અંગે સ્થાનિક અધિકારીઓ અને એજન્સીઓમાં વારંવાર ફરિયાદ કરવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. રાજ્ય પોલીસ વડાને વારંવાર અદાવાદમાં ગેરકાયદે પ્રવૃતિ ચાલી રહી હોવાની ફરિયાદો મળતી હતી જોકે આ અંગે આવતી ફરિયાદો પણ અમદાવાદની પોલીસને ટ્રાન્સફર પણ કરવામાં આવતી હતી પરંતુ તેમના તરફથી કોઈ ચોક્કસ કાર્યવાહી ન થતાં અને ફરીયાદો વારંવરા વધતા આખરે સ્ટેટ મોનિટરીંગ સેલને જાણ કરવામાં આવી હતી. આમ સ્ટેટ મોનિટરીંગ સેલની રેડમાં અમદાવાદ પોલીસની પોલ ખુલી ગઈ હતી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨